શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર

એકમેકને ઓળખવાનો


# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા ◆ વર્ષ-૯ ◆ અંક-૨ ડિસેમ્બર-૧૩/જાન્યુઆરી-૧૪

## વસંતોત્સવ



'શબ્દ બાગ' | યુવા પરિચય મેળો | ભુજ-મહિલા મંડળ | સ્વાસ્થ્ય-યોગ

HL Group of Companies

मानक: पथ प्रदर्शक: BIS 916

# Harilal Lakhamshi Jewellers Pvt. Ltd.

[Mfr. Exporters, Wholesalers & Retailers of 916 Hallmark Jewellery]

**The First & Only Showroom in Kuchchh Offering 100% Hallmark Jewellery & 100% Certified Diamond Jewellery**





**Regd. Office :** Haribhai Soni Building, L. B. Shastri Road
Anjar (Kuchchh) 370110 (Guj.) India
Phone : 02836 329944 Fax : 02836 242481
Cellular : 91 98795 30854 Email : infohljpl@gmail.com

**Bullion Division :** 426 C, Supermall, C.G. Road, Ahmedabad.
Ph./Fax : - +91 79 30024481
Cellular : - +91 987 953 0853 Email : - iljpl.amd@gmail.com

SKHAC

# Shree Kachchh Hallmarking & Assaying Centre Pvt. Ltd.

**Regd. Office : Haribhai Soni Building, L. B. Shastri Road Anjar (Kuchchh) 370110 (Guj.) India**
**Ph./ Fax : 02836 329944/242481**

**Hallmarking Office :-** 1st Floor, Plot No. 425 A/B, TPS-2, Malasheri, Anjar (Kachchh) 370110

**Group Companies**

# Shri Arbuda Infrastructure Development Pvt. Ltd.

# Soham Land Development Pvt. Ltd.

એકમેકને ઓળખવાનો
# જ્ઞાતિસેતુ
વર્ષ : ૯ ● અંક : ૨
ડિસેમ્બર' ૧૩ - જાન્યુઆરી'૧૪

**મુખ્ય તંત્રી**
હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦
તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯
કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**
**ચેરમેન**
મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**
અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**
સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઇટ**
ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**
કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩
(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**
ઉદય પરમાર ૯૭૨૬૯ ૩૪૩૩૧

● **ભુજ**
ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫
વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪
(રૂલપ્રેસવાળા)

● **અંજાર**
અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**
પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫
(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**
હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪


**માનદ્ સંયોજક (ભુજ)**
શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩
સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪
પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**
અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની
ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮
**વેબ સાઈટ :** www.gnyatisetu.com
**ઈ-મેલ :** editor@gnyatisetu.com
છુટક કિંમત રૂા. ૨૦/-
ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



'સેતુ' દશાબ્દી વર્ષ ઉપક્રમે એના ચોથા ચરણ પ્રારંભે ચાર વાત કહેવી છે. આશા છે, સુજ્ઞ વડીલો અને સહૃદય વાંચકો તેમજ લેખકો એની નોંધ લેશે તેમજ એમના પ્રતિભાવો પાઠવશે.

દશાબ્દી સમાપન નિમિત્તે, મે-જૂન-૨૦૧૪ આસપાસ કચ્છમાં વિથોણ બીદડા અથવા વાંઢાય મુકામે બે દિવસના 'સેતુ સેમિનાર'નું આયોજન છે. આ પ્રસંગે :

- સેતુ શુભેચ્છકો અને સહયોગીઓનુ સાદર સન્માન થશે.
- સેતુને જ્ઞાતિવડીલોનું માર્ગદર્શન સદૈવ મળતું રહે તે હેતુથી એક વિશેષ 'સેતુ સમન્વય અને સંવર્ધન સમિતિ'નું ગઠન થશે.
- સેતુના દાયકાભરના સાતત્યના સાક્ષી સમું પ્રકાશન પ્રગટ થશે.
- સેતુ દશાબ્દી સંદર્ભે આયોજીત સ્પર્ધાઓમાં ભાગ લેનારાઓનું સન્માન થશે.

તદ્ઉપરાંત પાંચમું 'આકર્ષણ' 'સેતુ સંસ્કૃતિ સંધ્યા' કાર્યક્રમ પ્રસ્તુત કરવાનો પ્રસ્તાવ છે.

ઉપરોક્ત સેમીનાર અંગે :

- સેતુ સમન્વય અને સંવર્ધન સમિતિ બાબત જ્ઞાતિ વડીલોને એમના અભિપ્રાયો મોકલાવા નમ્ર વિનંતી છે. સાથે સાથે 'સેતુ સાતત્ય' પ્રકાશન માટે આશીર્વાદ સંદેશ મોકલવા સાગ્રહ અનુરોધ છે.
- સેતુના સુજ્ઞ વાચકો, વિશેષત લેખકોના સેતુના દસ વર્ષ દરમ્યાનના એમના અનુભવો દર્શાવતા સંક્ષિપ્ત લેખો આવકાર્ય છે.
- મહિલા અને યુવક મંડળોને સેતુ સંસ્કૃતિ સંધ્યા માટે મનોરંજક પરંતુ 'સમસ્ત મર્યાદીત' કાર્યક્રમ પ્રસ્તુત કરવાની ઈચ્છા હોય તો તે અંગે સેતુ કાર્યાલય 'અતુલ સોની' ને ઉદ્દેશીને મોડામાં મોડું ૩૧ માર્ચ સુધીમાં વિગતો મોકલવા અનુરોધ છે.

'સેતુ દશાબ્દી ઉત્સવ' સહયોગી થવા સહુને નમ્ર અનુરોધ છે.

— અસ્તુ

**હંસરાજ કંસારા**
**મુખ્ય તંત્રી**

# ધ્યાન વિધિ

**પ્રેષક : હર્ષદ એલ. પોમલ-ભૂજ**

ધ્યાનની પ્રક્રિયા ઊંડાણમાં વ્યવસ્થિત શીખવાડે છે 'જૈન-ધર્મ'. સવારની પૂજા પાઠ કે એકાગ્રતા ધ્યાન નથી. ધ્યાન છે વર્તમાનમાં પ્રત્યેક ક્ષણે જાગૃત રહીને જીવવું.

માનવ આખો દિવસ વિચાર્યા જ કરે છે. તેના મનમાંથી વિચારની પ્રક્રિયા એક ક્ષણ પણ દૂર નથી થાતી. મનમાંની આ પ્રક્રિયા વિચારવાની ખૂબ જ જલ્દીથી થયા જ કરે છે. મન નજીકનું ને દૂરનું ખૂબ જ જલ્દીથી વિચાર્યા જ કરે છે અને તે એટલું તેજીથી વિચારે છે કે આપણને તેની ખબર જ નથી પડતી અને તેની તેજ ગતિના કારણે ભિન્નતા ખત્મ થઈ જાય છે તેમાં સમય દૂરનું કે નજીકનું જે વિચાર છે ને વિચાર્યા જ કરે છે ને તે પ્રવાહમાં આપણે બધુ ભુલી જઈએ છીએ.

વિચારોના આ ઘોડાપૂરમાંથી મુક્ત કરે ને શૂન્યતા લાવવી તે છે ધ્યાન. મનને સમજવું કે તેનાથી દૂર જવું તે છે ધ્યાન. મનને સ્થિર કરવું, શાંત કરવું તે છે ધ્યાન.

આપણામાંથી આપણા પણાનો અહંકારને તોડવું તે જે છે ધ્યાન. તમારી પ્રેઝન્ટેશન જ બુધત્વ છે અને તે છે ધ્યાન. બુધત્વ એટલે જ્ઞાન અને તેની પ્રક્રિયા છે ધ્યાન.

બૌધ્ધ ધર્મની ખુશ્બુ છે જૈન અને જૈન ધર્મમાં કોઈ ચિન્હ નથી હો તો તે ચિન્હ મુક્ત હોય છે.

જૈન જાગવાનું શીખવાડે છે. હંમેશ - 'જાગૃત રહે'

આત્માની જાગૃતિ જ જૈન છે. અનંતતા આત્મા માટે બુદ્ધનું મંતવ્ય છે.

જે વસ્તુ નાશવંત છે જે વસ્તુ સીમિત છે તેના વડે સમાપન કે સાશ્વતને માપી ન શકાય. તેથી મન વડે ત્યારે પણ પરમાત્મા વિશે સંપૂર્ણ સત્ય ક્યારે પણ કહી ન શકાય. પરમાત્મા અનંત ને અવિનાશી છે. તેને મન ઈન્દ્રિય વડે માપી કે જાણી ન શકાય તેને માત્ર અહેસાસ જ કરી શકાય.

જે સૂત્રથી સમજાવી શકાય તે (જૈન) ધ્યાન નથી. બહુ જ સૂક્ષ્મ ઈશારાથી માત્ર તેનો નિર્દેશ કરી શકાય.

તથાગત બુધ્ધનું બીજુંનું નામ છે. જેને અર્થ થાય છે. 'જેવા આવ્યા તેવા ગયા' બુદ્ધ ભગવાન હંમેશ 'હું' કે 'મેં' નો ઉપયોગ ન હોતા કરતા. તે હંમેશ કહેતા જેવું 'હતું તેવું જ પામ્યું' બસ આજ બુદ્ધની પહેચાન છે.

જે પહેલેથી હતું તે જ હું પામ્યો છું તેમ બુદ્ધ કહેતા. આ વાત માત્ર સત્યને જાણવાની વાત છે. જેમાં કોઈ વિશેષતા નથી છતાં સત્ય એ છે (સહુના) સત્ય જેવી વિશેષ વાત બીજી કોઈ નથી.

જૈનનો આધાર છે 'સત્ય' શબ્દથી પરે 'નિશબ્દ'

જે બોલવામાં આવે તે 'સત્ય' નથી જે 'અનસુના' રહી જાય તે સત્ય છે. (ઋષિઓની પરમાત્મા માટેની નેતી નેતીની વાત) ભીતરનું મૌન છે તે ધ્યાન.

ધ્યાન શીખવા માટે કોઈ પણ વ્યક્તિના વ્યક્તવ્ય પર ભરોસો રાખવાને બદલે અનુભવ કરતા કરતાં મૌન રહી પોતાની અંદર ઉતરી તેને શોધો. ઢૂંઢો ને ઢુંઢવાથી (શોધવાથી) સાધન આવી જાશે. સાધન છે મૌન અને તેનાથી મૌન રહેવાથી ધ્યાન આવી જશે.

ધ્યાનમાં રેચનની ક્રિયા મહત્વની છે. રેચન એટલે શ્વાસ બહાર કાઢવાની પ્રક્રિયા. શ્વાસનો પણ એક વિજ્ઞાન છે. જેટલો આરમ શ્વાસ કાઢવામાં આવે છે તેટલો આરામ લેવામાં નથી આવતો. આમ તે જ શ્વાસ ફેંકતા ફેંકતા મનની ગાંઠ ખુલતી જાય છે. તેમ તેમ મૌનને પકડતા રહીને શ્વાસોશ્વાસને જોતા રહો. તેમ આ પ્રક્રિયા કરતાં કરતાં ધ્યાન સહજ રૂપ થતું જાય છે.

ધ્યાનને વારંવાર કરતા રહેવું પડે છે. વારંવાર પ્રેક્ટીસ કરતા રહેવું પડે છે તે પછી તે સહજ રૂપેજ થતા તે જૈન થઈ જાય છે.

આમ ભીતરના મૌનનું (સત્યનું) પરિચય કરાવનાર ગુરુ કહેવાય છે. સાધનાનું પ્રારંભ જેના દ્વારા થયેલ તેને શરૂઆત કરતા પહેલાં નમન કરવાનું પરંતુ ધ્યાનમાં આવ્યા પછી ગુરુનું સ્મરણ પણ કાઢી નાખવાનું.

જેણે બોધને પામ્યું તે બુદ્ધ છે. બુદ્ધમ્ શરણં ગચ્છામી - હું જ્ઞાનને શરણે જાઉં છું.

ધર્મમ્ શરણમ્ ગચ્છામી - હું ધર્મને (સત્યને) શરણે જાઉં છું.

સંઘમ્ શરણં ગચ્છામી - હું એવા જ્ઞાનીઓ જે સત્યને માનનાર સમજનારા પરમાત્મને સમજનારા તેને સાથે રહેવા જાઉં છું.

જૈન ધર્મ બહુ જ ગહેરો છે. તેમાં ખૂબ જ ઊંડાણ છે.

સેતુ દશાબ્દી નિમિત્તે 'સેતુ' વિષેના આપના વિચારો અનુભવો પ્રકાશન હેતુ મોકલવા અનુરોધ છે.

**વિચાર મંચ**

# ગૌરવ લેવા જેવા કામ કરો

**કંસારા પ્રફુલ મોહનલાલ ગુજરાતી**

માણસ પરિશ્રમ કરવા સર્જાયો છે. દરેક વ્યક્તિ કોઈને કોઈ કામ કરે જ છે. એ ભલે પોતાના માટે હોય કે 'સમાજ' માટે, પણ કામ કરવું. એ માણસની પ્રકૃતિ છે. લોકો કહે છે કે 'કેટલું જીવ્યા કરતા કેવું જીવ્યા તે મહત્વનું છે' માણસ એક સામાજીક પ્રાણી છે અને સમાજ વ્યવસ્થામાં કેટલાક કામ સારા તો કેટલાક ખરાબ કહેવાય છે.

દરેક નાગરિકે સમાજમાં પોતે એકલો નથી પરંતુ એક મોટો સમુદાય પણ છે, તેનો વિચાર કરીને આચાર કેળવવા જોઈએ. બીજાને તકલીફ પડે તેવા કામ નીચા ગણાય છે. સમાજ સેવામાં મદદરૂપ થવું સામાજીક કાર્યમાં સહકાર એ વ્યકિતને નહિ પણ સમાજને ગૌરવ અપાવવાનું કાર્ય છે. દરેક વ્યક્તિએ એમ વિચારીને સહકાર આપવો જોઈએ ન કે કોઈ વ્યક્તિ કાર્ય કરતો હોય એને માત્ર સ્વાર્થ કે એવું કહી, પોતાની ઈર્ષ્યા સંતોષવા માટે અવળા માર્ગે વાળવો.

દરેક વ્યક્તિ કાંઈને કાંઈ કામ કરતો હોય છે. તે એનું રોજિંદુ કામ થયું પણ માણસ સમય મળે ત્યારે પોતાની આવડત અને શક્તિ અનુસાર સામાજીક કાર્યમાં મદદરૂપ થાય સહકાર આપે કે સમાજ પણ એ વાતે ગૌરવ લઈ શકે એવા કાર્ય કરવા જોઈએ.

ગૌરવ આત્મશક્તિ વધારે છે. આપણા સમાજમાં પણ નાના બાળકો શાળા કોલેજમાં ભણતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પણ આપણા સમાજ જ્યારે તેમના ભણવાની યોગ્યતા પ્રમાણે બિરદાવે છે ત્યારે તેમના ઉત્સાહમાં વધારો થાય છે સાથે ગૌરવ લે છે સમાજ માટે અને એ પોતાની આવડત શક્તિ પ્રમાણે સમાજમાં મદદરૂપ થવા પ્રેરાય છે.

દરેક વ્યક્તિ કોઈનાથી પણ કમ નથી હોતી. આપણા સમાજમાં પણ ઘણા એવા સન્માનીય વ્યક્તિ છે જેઓ ઘણા ઊંચા હોદ્દા અને વ્યસતતા વચ્ચે પણ સમાજ માટે મદદરૂપ થવા હર ઘડીએ હાજર હોય છે. આપણે પણ એમના પાસેથી પ્રેરણા લેવી જોઈએ કે આપણે પણ કોઈ પણ રીતે મદદરૂપ થવું જોઈએ.

આપણા સમાજનો સેતુ એવું 'જ્ઞાતિસેતુ' જ્યારે એનું દશાબ્દી વર્ષ ઉજવે છે ત્યારે આપણે તેમાના ઉત્કૃષ્ટ કાર્ય બદલ, ગૌરવ અનુભવીએ છીએ. 'સેતુ' હંમેશા આવી જ રીતે આપણને સેવા આપે અને આપણા સમાજની દરેક વ્યક્તિ પણ અને સમાજ પણ મદદરૂપ થઈ ને આ સેતુને વધુ મજબૂત બનાવીને સમાજને ગૌરવપૂર્ણ રીતે આગળ વધરતું એવી શુભેચ્છા સહ...

**જ્ઞાતિ સમાચાર**

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ

**– સુધા બુદ્ધભટ્ટી - ભુજ**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તા. ૨૨-૧-૨૦૧૪ના રોજ ચનાણી પાર્ટી પ્લોટ 'વાનગી સ્પર્ધા'નું આયોજન કરવામાં આવેલ. જેમાં 'પંજાબી શાક' તેમજ 'મિષ્ટાન' એમ બે વિભાગમાં આ સ્પર્ધા યોજવામાં આવેલ જેમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધેલ.

કાર્યક્રમની શરૂઆતમાં સુધા એ. બુદ્ધભટ્ટી એ વિવિદ વાનગી અંગેનું માર્ગદર્શન પુરુ પાડેલ. ત્યારબાદ જ્ઞાતિ અગ્રણી તેમજ વાનગી સ્પર્ધાના નિર્ણાયકો શ્રી સુનિલભાઈ એમ. કંસારા, શ્રી નિતીનભાઈ હેડાઉ તેમજ શ્રી હર્ષદભાઈ ઝેડ. બુદ્ધભટ્ટીએ બંને વિભાગની સ્પર્ધાના નિર્ણયો જાહેર કરેલ. જેમાં પંજાબી શાક વિભાગમાં પ્રથમ મીત ધર્મીનભાઈ બુદ્ધભટ્ટી, દ્વિતીય શૈલા સંજયભાઈ ભુતડા તેમજ તૃતીય દેવીકા દિપેનભાઈ બિજલાણી વિજેતા જાહેર થયેલ. તેમજ 'મિષ્ટાન' વિભાગમાં પ્રથમ દેવીકા દિપેનભાઈ બિજલાણી, દ્વિતીય પ્રિયા કૌશિકભાઈ ચનાણી તેમજ તૃતીય કુંતલ મથુરભાઈ ચનાણી તૃતીય વિજેતા જાહેર થયેલ.

જ્ઞાતિ પ્રમુખશ્રી દિલીપભાઈ કે. બગ્ગાએ વિવિધ સ્પર્ધાઓ યોજવી મહિલા મંડળને અભિનંદન સાથે મનોરંજનની સાથે સાથે બહેનોને રોજગારી મળી રહે તેવા કાર્યો હાથ ધરવા વિશેષ ભાર મૂક્યો હતો. મહામંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઈ ખેતશી ગુજરાતીએ વિશેષ હાજરી આપી. આવા કાર્યક્રમોને બિરદાવ્યા હતા તેમજ પ્રથમ, દ્વિતીય, તૃતિય વિજેતાઓને વિશેષ ઈનામ જાહેર કરેલ અને હજુ પણ આવા સાથ સારા કાર્યો થતા રહે તેવી શુભેચ્છા પાઠવી હતી. પ્રોજેક્ટ ચેરપર્સન રીટાબેન ડી. બુદ્ધભટ્ટી, પ્રમુખશ્રી લતાબેન આઈ.. સોલંકી, રોહિણીબેન બી. બુદ્ધભટ્ટીએ જ્ઞાતિના અગ્રણીઓને આવકાર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુધા એ. બુદ્ધભટ્ટીએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા મહિલા મંડળ કારોબારીની બહેનોએ વિશેષ સહયોગ આપેલ.

# બેટી બચાવો અભિયાન અંતર્ગત...

સોની પ્રીન્સી 'મીરા'

ભારતને સ્વતંત્રતા મળી.

પણ એ જ ભારતમાં આજે બેટી કેટલી સ્વતંત્ર ????

આ પ્રશ્ન અણીની જેમ ખૂંચે છે. જે દેશમાં હળ ખેડતાં સીતા મળે, તે જ દેશમાં નારીની આટલી ઉપેક્ષા અસહ્ય છે. બીજી તરફ સ્ત્રી ભ્રૂણ હત્યાઓ થાય છે. આ કેટલા અંશે યોગ્ય કહેવાય ? જો આમ જ સ્ત્રીઓની સંખ્યા ઘટતી રહેશે, તો સમાજ ક્યાં જઈ પહોંચશે ? એક સમય એવો આવશે કે સ્ત્રીઓનું અસ્તિત્વ જ ભૂંસાઈ જશે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'જે દેશ નારીની ઉપેક્ષા કરે છે, તે દેશે વિકાસનો વિચાર જ છોડી દેવો.'

આ એક હકીકત છે, કારણકે, કેળવાયેલ સ્ત્રી સમાજ વિકાસરૂપી પંખીની એક પાંખ છે. અને એ હકીકતથી આપણે સૌ પરિચિત છીએ કે પાંખ વગર પંખી ક્યારેય ઊડી શકે નહિ. તેથી દિકરા-દિકરીને સમાન દરજ્જો આપવામાં આવે તો દેશનો વિકાસ ચોક્કસ શક્ય છે.

આ માટેનો પ્રયત્નો થાય છે. કાર્યક્રમો, સ્પર્ધાઓ અને અભિયાનો પણ થયા કરે છે. આપણે આ અંતર્ગત સારો પ્રયત્ન કરેલ છે હવે સમય આવી ગયો છે, વધુ સારો પ્રયત્ન કરવાનો.

સામાન્ય રીતે એવી માન્યતા પ્રચલિત છે કે, દિકરો જન્મે તો મા-બાપ સ્વર્ગ પામે છે. કદાચ આ હકિકત હોઈ શકે છે પરંતુ એ સ્વર્ગ મા-બાપને મૃત્યુ પછી મળે છે. જ્યારે દિકરી જન્મે તો, મા-બાપનું જીવન જ સ્વર્ગ બની જાય છે.

સ્વામી વિવેકાનંદના મત મુજબ, એશિયાએ સભ્યતાનો પાયો નાખ્યો. યુરોપે મનુષ્યનો વિકાસ કર્યો અને હવે અમેરિકા સ્ત્રીઓનો વિકાસ કરી રહ્યું છે. સ્વામીજીના આ તારણ પરથી કહી શકાય કે, અમેરિકાએ સ્ત્રી સન્માન થકી જ દેશનો વિકાસ શક્ય છે એ હકીકત સ્વીકારી લીધી છે. હવે આપણે પણ બેટીઓને રક્ષણ, પોષણ અને શિક્ષણ આપવાનું છે. અહીં એક પંક્તિ કહી શકાય કે,

''કોઈ પાસે દલાઈલામા છે, તો કોઈ પાસે ઓબામા છે.
ભારત કેટલું ભાગ્યશાળી ! તેની પાસે તો અંબામા છે.''

પ્રત્યેક નારી 'મા આદ્યશક્તિ' નો જ અંશ છે. આવી સ્ત્રીઓને સંરક્ષણ પુરું પાડવામાં આવે તો, તે નારી ગાંધી, નહેરુ, સરદાર અને આઝાદ જેવા બિસ્મીલ બેટાઓને જન્મ આપી શકે છે. એક સ્ત્રીમાં દુનિયા હચમચાવી નાખવાની ક્ષમતા છે. જરૂર છે, તો ફક્ત તેની કે આ ક્ષમતાને પોંખવાની. આવી સ્થિતિમાં પ્રત્યેક સ્ત્રી પ્રશ્ન પૂછે છે કે,

''કિનારે રહીને સાગરને જોનારા,
અમારી ખારાશને જ કેમ જુઓ છો ?
અમારા તળિયા તો તપાસી જુઓ,
તમને કુબેર પણ કંગાળ લાગશે.''

આમ, સ્ત્રીઓને સંરક્ષણ પુરું પાડવા આપણે જ જાગૃત થવું પડશે. કારણકે, સ્ત્રીઓ સુધરશે તો સમાજ સુધરશે અને સમાજ સુધરતા દેશનો વિકાસ કોઈ નહિ અટકાવી શકે. તો આપણે પણ સ્ત્રીઓ પ્રત્યે જાગૃતતા કેળવવાનો સંકલ્પ લઈએ, અને દેશના વિકાસમાં યોગદાન આપીએ.

અંતે હું આટલું કહી, મારી કલમને વિરામ આપીશ કે, ''જગતના તારણહારનો પણ પ્રકૃતિ જ છે આધાર, હે જીવ ! તું પણ તારું જીવન કંઈક એમ સુધાર, ગીતા, ગાય અને ગૌરીને આપીને સન્માન, ચાલો આપણે સૌ વધાવીએ, બેટી બચાવો અભિયાન.''

## ...બસ છે.

સફળ થવા જીવનમાં સૌને
શ્રમની સમજણ બસ છે
જગનો સાર સમજવા કાજે
સત્યનું પાલન બસ છે.
મનની મૂંઝવણોને હણવા
મન એકાગ્ર જ બસ છે.
દેવ કરોડ ત્રિલોકે વસ્યા
સ્મરણ એકનું બસ છે.
માર્ગ અલગ છે ધર્મ વિવિધના
પ્રીત પ્રભુથી બસ છે.
જ્ઞાન અગાધનું અર્જન કરવા
એક જ ડિગ્રી બસ છે.
કર્મનું કૌશલ દર્શિત કરવા
મનનો યોગ જ બસ છે.
જપ તપ વ્રત ઉપવાસ ગણેરા
મન ચંગા તો બસ છે.
ઠગ આ જગથી બચવા કાજે
અલિપ્ત રહેવુ બસ છે.
સાર્થક જીવન જીવવા માટે
અલ્પાયુ પણ બસ છે
પ્રિય જો બનવું હોય સમાજે
હેતે મળવું બસ છે
ધંધામાં જો થવું ધુરંધર
ખંતનું ભાથું બસ છે.

**– ભાણજી ચુનીલાલ સોની - નાગપુર**

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ

– મનુભાઈ કોટડીયા

## અમદાવાદ જ્ઞાતિ નવવર્ણિત હોદ્દેદારો તથા કારોબારી સભ્યો



પ્રમુખ
રાજેન્દ્ર કે. સોની




ઉપપ્રમુખ
જયમીન જે. સોની



મંત્રી
અતુલ એસ. સોની



સહમંત્રી
રશ્મીન વી. બારમેડા



ખજાનચી
મનુભાઈ વી. કોટડીયા




સહખજાનચી
ઉદય ડી. પરમાર

## કારોબારી સભ્યો



રમેશભાઈ વી. સોની




સૂર્યકાંત એમ. પોમલ



ગિરીશ કે. સોની



કનુભાઈ એન. બીજલાણી




નરેન્દ્ર એમ. સોની



હસુભાઈ પી. બારમેડા



જયેશ કે. ઘડીયાળી



સુનિલ એસ. બીજલાણી



ઘનશ્યામ ડી. પરમાર



ચંદર આર. બારમેડા

# શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ-અમદાવાદ

– મનુભાઈ કોટડીયા

## વાર્ષિક સ્નેહમિલન



અમદાવાદ જ્ઞાતિનો વાર્ષિક સ્નેહમિલન ગત તા. ૧૫-૧૨-૨૦૧૩ના રવિવારના રોજ સુશિલાબેન રતિલાલ હોલ, સી. જી. રોડ, સ્વસ્તિક ચાર રસ્તા, અમદાવાદ ખાતે યોજાયેલ.

આ પ્રસંગે યોજાયેલ સંસ્થાની વાર્ષિક સામાન્ય સભાનું સંચાલન શ્રી અતુલભાઈ સોનીએ સંભાળ્યું હતું. સરસ્વતી સન્માનના દાતા શ્રી તુલસીદાસભાઈ કંસારા તરફથી જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓનું જાહેરમાં સન્માન કરી ઈનામનું વિતરણ કરવામાં આવ્યું. ધો. ૧૦ (એસ.એસ.સી.)માં પ્રથમ સ્થાને આવેલ કુ. વિધી લક્ષ્મીદાસ સોની તથા દ્વિતીય સ્થાને દેવાંશ જયેશભાઈ સોની આવેલ તથા ધો. ૧૨માં પ્રથમ સ્થાને ઉર્વી હરીશચંદ્ર બુદ્ધભટ્ટી તથા દ્વિતીય સ્થાને સોની રીયા નરોત્તમભાઈ રહ્યા હતા.

અમદાવાદ જ્ઞાતિની સ્થાપનાને દશ વર્ષ પૂર્ણ થયા આ સમયગાળામાં સમાજની સંગઠન શક્તિ દ્વારા ખૂબ સુંદર કામગીરી થયેલ તે બદલ સૌએ હર્ષની લાગણી વ્યક્ત કરેલ. દેશના સમસ્ત જ્ઞાતિ સમાજને જોડતી કડી સમાન 'જ્ઞાતિસેતુ' ના પ્રકાશનને મળેલ સફળતાને સૌએ બિરદાવી હતી.

આગામી બે વર્ષ માટે નવી કારોબારીની રચના કરવામાં આવી. વર્તમાન પ્રમુખશ્રી રમેશભાઈ સોની દ્વારા પ્રમુખપદે શ્રી રાજેન્દ્રભાઈ બારમેડાના નામનો પ્રસ્તાવ મુકતા શ્રી મનુભાઈ કોટડીયાએ ટેકો આપતા સર્વાનુમતે તેમની વરણી થયેલ. ઉપપ્રમુખ પદે શ્રી જયમીનભાઈ સોની, માનદ્ મંત્રીશ્રી અતુલભાઈ એસ. સોની તથા ખજાનચી તરીકે શ્રી મનુભાઈ કોટડીયાની વરણી કરવામાં આવેલ તથા ગત વર્ષના પ્રમુખ અને કારોબારીની સેવાઓની નોંધ લેવામાં આવી. શ્રી ઘનશ્યામભાઈ પરમાર તથા જયમીનભાઈ સોનીએ પરિચય પુસ્તિકા માટે આર્થિક સહયોગ જાહેર કર્યો. હર્ષોલ્લાસ વાતાવરણ વચ્ચે સૌ ભોજનનો આસ્વાદ માણ્યો. આજના ભોજન સમારંભના દાતા શ્રી સુનિલભાઈ બિજલાણી તથા શ્રી ઘનશ્યામભાઈ પરમાર ને તાળીઓથી વધાવવામાં આવેલ.



આજના આ કાર્યક્રમને સફળ બનાવવામાં શ્રી અતુલભાઈ સોની, શ્રી રમેશભાઈ સોની, સુર્યકાન્તભાઈ સોની, મનુભાઈ કોટડીયા, રશ્મીનભાઈ બારમેડા, જયમીનભાઈ સોની, શ્રી નરેન્દ્રભાઈ મૈચા, શ્રી કનુભાઈ બીજલાણી, શ્રી ઉદયભાઈ પરમાર તથા જયેશભાઈ ઘડીયાળીએ ઘણી જહેમત ઉઠાવીને દીપાવ્યો હતો.

શ્રી અતુલભાઈ સોનીએ કાર્યક્રમના અંતમાં સૌ જ્ઞાતિજનો તથા કાર્યકરોની સરાહના કરીને આભાર વ્યક્ત કર્યો.


## સાભાર સ્વીકાર


**શ્રી અતુલભાઈ સોની (અમદાવાદ)** તરફથી **રૂ. ૧૦૦૧/-**
તેમના સુપુત્ર **ચિ. પુનીત**ના લગ્નોત્સવની 'જ્ઞાતિસેતુ'ને ખુશાલી ભેટ

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ

રોહીણી બી. બુદ્ધભટ્ટી-ભુજ

સુજ્ઞ વાચકો તેમજ જ્ઞાતિસેતુના ચાહકો સર્વેને મારા નમસ્કાર. ૨૦૧૩નું વર્ષ આપણે સર્વેએ સુખે-દુઃખે પસાર કર્યું. જીવનમાં તકલીફો તો પારાવાર આવવાની જ છતાં તેમાંથી ઊગરી ને ઉપર ઉઠવાની તાકાત ધરાવનાર જ સર્વશ્રેષ્ઠ ગણાય છે. જેમ સોનું તપીને ચમકી ઊઠે છે. એ જ રીતે કસોટીની એરણે ચડીને મનુષ્ય જીવન દીપી ઉઠે છે. માટે ક્યારેય પણ કસોટીકાળમાં હાર ન માનવી એ આપણો મુખ્ય ઉદ્દેશ હોવો જોઈએ. ઉત્તરાખંડમાં પૂરપ્રકોપ, વિદેશોમાં વરસાદ, વાવાઝોડા વગેરેને લઈને ૨૦૧૩નું વર્ષ આવ્યું અને ગયું પરંતુ આનાથી





કંઈ મનુષ્ય હારી નથી જતો. આ બધાથી તો માણસ વધુ મજબૂત બની ઉપર ઉઠે છે અને જીવન જીવવાની શક્તિમાં વધારો થાય છે. આ બધી વાતો સાથે સાથે મહિલામંડળે તા. ૫-૧-૨૦૧૪ના એટલે કે ૨૦૧૪ની શરૂઆતમાં જ 'આપત્તિ વ્યવસ્થાપન' અંગેની માહિતી તેમજ તે અંગેના પગલા અંગેનું નિદર્શનનો કાર્યક્રમ 'ચનાણી પાર્ટી પ્લોટ' મધ્યે યોજ્યો હતો. જેનું નિદર્શન શ્રી ત્રિલોકકુમાર ઠાકર તેમજ ડિઝા. મેનેજમેન્ટ ડિપા. ભુજના વડા શ્રી ચેતરિયા સાહેબના વડપણ હેઠળ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિજનો એ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આપત્તિ સમયે દોરડાની મદદથી ફસાયેલા લોકોને કેવી રીતે બાંધવી, તેમજ ફર્સ્ટ એઈડની સારવાર તથા હાર્ટ હેટેક સમયે પ્રાથમિક સારવાર કઈ રીતે પૂરી પાડવી, ચક્કર આવતા હોય ત્યારે તેને કઈ સારવાર આપવી વગેરેનું નિદર્શન ઠાકર સાહેબે કર્યું હતું.

આ કાર્યક્રમમાં યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઈ છત્રાળા, જ્ઞાતિ ઉપપ્રમુખ શ્રી સુનિલભાઈ કંસારા, શ્રી પી. જી. દાસભાઈ તથા અંજારથી મહિલા મંડળના પ્રમુખ શાંતાબેન હાજર રહ્યા હતા. કાર્યક્રમના ચેરપર્સન રોહીણી ભરત બુદ્ધભટ્ટી તેમજ સુધાબેન બુદ્ધભટ્ટી રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રોહીણી બુદ્ધભટ્ટીએ સંભાળ્યું હતું. મહેમાનોનું શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. અલ્પાહાર બાદ કાર્યક્રમ સમાપ્ત જાહેર કરવામાં આવ્યો હતો. જ્ઞાતિમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃતિ આવે એ ઉદ્દેશ સાથે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો અને જ્ઞાતિ લેવલ પર ભુજમાં આ પ્રથમ પ્રયોગ હતો. જે હજુ સુધી ક્યાંય પણ થયો નથી. સમગ્ર કાર્યક્રમના દાતા શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની રહ્યા હતા. તેમનો આ સાથે આભાર માનીએ છીએ. આગામી દિવસોમાં આ અંગે ટ્રેનિંગ ગોઠવવાનો મહિલામંડળ વિચારે છે.



શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ ભુજ દ્વારા તા. ૩૦-૧૨-૨૦૧૩ના રોજ સલાડ .ડેકોરેશનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોને ખાવા પ્રત્યે રૂચિ  થાય એ માટે વિવિધ કઠોળ ફણગાવી તેમજ શાકભાજીને ગોઠવીને સુશોભન વડે સજાવીને રાખવાનું નિદર્શન જ્ઞાતિની લગ્નવાડી મધ્યે રાખવામાં આવ્યું હતું. જેમાં જ્ઞાતિની બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. તેમજ તે અંગે પ્રશ્નોત્તરી પણ કરી હતી. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા ખુશાલીબેન બુદ્ધભટ્ટી તેમજ જયેષ્ઠાબેન સોનીએ સંભાળી હતી તેમજ વિજયાબેન જેમણે આ બધી માહિતી આપી હતી તેમને મહિલામંડળ તરફથી સુવેનિયર આપી સન્માનવામાં આવ્યા હતા. પ્રમુખશ્રી લત્તાબેને સર્વેનો આભાર માન્યો હતો.

ગત તા. ૧૬-૧૨-૨૦૧૩ના રોજ મહિલા મંડળ-ભુજ તરફથી બહેનો માટે સ્ટોન તેમજ વિવિધ કલર્સ રંગોળી તેમજ ફ્લાવર મેકીંગના કલાસનું આયોજન ગોઠવવામાં આવ્યું હતું. જેમાં ફ્લાવર મેંકીગના કલાસ મમતાબેન નિલેશભાઈ વ્યાસ દ્વારા તેમજ રંગોળીના કલાસ શીતલબેન એ. બુદ્ધભટ્ટી તેમજ ખુશાલીબેન બુદ્ધભટ્ટી દ્વારા ચલાવવામાં આવ્યા હતા. જેમાં કુલ ૨૫ બહેનોએ ભાગ લીધો હતો. આ રંગોળી પરમેનેન્ટ રાખી શકાય છે. તેમજ બહેનો આ દ્વારા રોજગારી પણ મેળવી શકે એ હેતુથી આવા વર્ગોનું આયોજન કરવામાં આવે છે. ભૂતકાળમાં આવા વર્ગો દ્વારા ઘણી બહેનોએ રોજગારી મેળવી છે.




સિંધી યુથ સર્કલ-ગાંધીધામ દ્વારા ગાંધીધામ મધ્યે મિસ ગુજરાત, મિસ કચ્છ અને મિસ ગાંધીધામ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. તા. ૧૯-૧-૨૦૧૪ રવિવારના રોજ યોજાયેલ ઓડિશનમાં ભુજ, ગાંધીધામ, આણંદ, અમદાવાદ તેમજ ગાંધીનગરમાંથી કુલ ૩૩ યુવતીઓએ ભાગ લીધેલો, તેમાંથી ૧૧ યુવતીઓની પસંદગી કરવામાં આવી હતી. ૨૫ તારીખના યોજાયેલી સ્પર્ધામાં પ્રથમ સાડી રાઉન્ડ, ટ્રેડિશનલ રાઉન્ડ, વેસ્ટર્ન રાઉન્ડ તેમજ પ્રશ્ન-જવાબ રાઉન્ડ રાખવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધામાં પ્રથમ શ્રી ભુજ મારૂ કંસારા સોની જ્ઞાતિની કુમારી ખુશાલી દિપકકુમાર બુદ્ધભટ્ટી મિસ ગુજરાત બની વિજેતા બની હતી.

જાયન્ટસ ઈન્ટરનેશનલ સંસ્થા આશરે ૩૫ વર્ષ પહેલા ભાષામાં જ સ્થપાયેલી અને વિશ્વભરમાં પ્રસરેલી વિરાટ સંસ્થા છે. જેમા વિશ્વના ઈંગ્લેન્ડ, અમેરિકા, આફ્રિકા, મોરેશિયસ અને ભારત સહિત તમામ દેશોના તમામ કોમના જાતિના વ્યવસાય અને તમામ ધર્મ પાળતા અને વિવિધ ભાષાઓ બોલતા સન્માનીય વ્યવસાય કરતા બૌદ્ધિકોનું સભ્યપદ છે. માત્ર ભારતમાં તેના ૧૩ વિશાળ ફેડરેશનો અને ૫૦૦ થી વધારે ગ્રુપ્સ છે.

આ સંસ્થાની આત્મા સેવા કાર્યોમાં રહેલી છે આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ : વ્યક્તિત્વ, વિકાસ અને ચારિત્ર્ય ઘડતર.

આરોગ્ય, શિક્ષણ, સમાજસેવા, આર્થિક ઉત્કર્ષ અને



સામાજિક તેમજ નૈતિક સમૃદ્ધિ દ્વારા તમામ રાષ્ટ્રોના ઉત્કર્ષ અને ગૌરવપૂર્ણ સમૃદ્ધિમાં સિંહફાળો આપવા તેમજ શ્રેષ્ઠ અનુકરણીય માનવ સંસ્કારો દ્વારા આવનારી પેઢીઓને સતત પ્રેરણા પુરી પાડવી.

હાલમાં ભુજમાં સ્થિત જાયન્ટસ ઈન્ટરનેશનલ સંસ્થામાં આપણી મારૂ કંસારા સોની જ્ઞાતિ-ભુજની બહેનોએ સારું એવું કાઠું કાઢ્યું છે. ભુજ જાયન્ટસ ગ્રુપ ઓફ સાહેલીમાં સાલ ૨૦૧૧ થી શીતલબેન અરૂણભાઈ બુદ્ધભટ્ટી સક્રીય સભ્ય પદે છે. તેઓશ્રીને સાલ ૨૦૧૩માં યુનિટ લેવલ પર બેસ્ટ સેક્રેટરીનો એવોર્ડ મળેલ છે. જે દીવ (સૌરાષ્ટ્ર) મુકામે મળેલ કોન્ફરન્સમાં તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. હાલમાં તેઓ એક્સ. ઉપપ્રમુખપદે જાયન્ટસ ગ્રુપ ઓફ સાહેલીમાં ફરજ નિભાવી રહ્યા છે. હોદ્દેદારો ૨૦૧૪ના :





(૧) પ્રમુખ : રીનાબેન જીગરભાઈ બુદ્ધભટ્ટી,

ડાયરેક્ટર ઓફ એડ. : જયશ્રીબેન અનિલભાઈ છત્રાળા

એક્સ્ટર્નલ ઉપપ્રમુખ : શીતલબેન અરૂણભાઈ બુદ્ધભટ્ટી

(૨) કારોબારી સભ્યો : અરૂણાબેન નરેન્દ્રભાઈ બુદ્ધભટ્ટી, ચાંદનીબેન એચ. સોલંકી,

સામાન્ય સભ્ય : પ્રીતીબેન દિલીપભાઈ બગ્ગા.

સૌને શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને તમારા સૌના હાથે સમાજની સેવા થાય તેવી શુભેચ્છાઓ.

# સમસ્ત કંસારા સમાજ-અમદાવાદ આયોજીત છઠ્ઠો યુવા પરિચય મેળો

**અમદાવાદ ડી. કે. પટેલ હોલ ખાતે ૨૯ ડિસેમ્બરના રોજ સંપન્ન ૫૨૩ જેટલા યુવા ભાઈ-બહેનોની જીવનસાથી પસંદગી માટેનું સુવ્યવસ્થિત આયોજન ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રના યુવા-યુવતિઓની હાજરી હાઈટેક સાધનોથી સજ્જ, પૂર્ણ શિસ્ત, શાંતિ અને સમયબદ્ધ.**

તા. ૨૯, ડિસેમ્બરના રોજ અમદાવાદ ખાતે સમસ્ત કંસારા સમાજ, ગુજરાત દ્વારા છઠ્ઠા યુવા પરિચય મેળો અંદાજે ૨૫૦૦ જેટલા જ્ઞાતિજનોની વિશાળ હાજરી વચ્ચે સંપન્ન થયો.

કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના ગીતથી થઈ. કાર્યક્રમના અતિથિવિશેષ, પદે રાજકોટ કંસારા જ્ઞાતિના પ્રમુખ તથા રાજકોટ નાગરિક સહકારી બેંકના ડાયરેક્ટર શ્રી ડાહ્યાભાઈ ડેલાવાળા, સાતગામ કંસારા પંચના પ્રમુખશ્રી પ્રફુલચંદ્ર ભરતીયા ભાવનગર કંસારા જ્ઞાતિના પ્રમુખ શ્રીમતી વર્ષાબેન બી. લાલાણી, વઢવાણ કંસારા જ્ઞાતિના પ્રમુખશ્રી સુભાષભાઈ દંગી, જ્ઞાતિસેતુ સામયિકના તંત્રીશ્રી હંસરાજભાઈ કંસારા, રાજસ્થાનના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી નંદકિશોરભાઈ કંસારા, નાસિકના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી સંદેશભાઈ તાંબટ તથા અમદાવાદના અગ્રણી વેપારી હસમુખલાલ આર. કંસારા ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત મહાનુભાવોના વરદ્ હસ્તે દીપ પ્રાગટ્ય બાદ ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટના પ્રમુખશ્રી બટુકભાઈ વી. કંસારાએ ઉપસ્થિત તમામ મહાનુભાવો, પરિચય મેળામાં સામેલ યુવા ભાઈ-બહેનો તથા વાલીઓ તમામનું હાર્દિક સ્વાગત કરી મીઠો આવકાર આપ્યો હતો.

દર વર્ષે પરંપરા મુજબ ધો. ૧૦ તથા ધો. ૧૨ના ૯ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઉત્કૃષ્ટતા બદલ મેડલ, એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા.

ગુજરાત કંસારા જ્ઞાતિમાં વિશિષ્ટ સ્થાન ધરાવતી બહુમુખી પ્રતિભા એટલે શ્રી સત્યપ્રકાશ ખોખરા તેમને મોમેન્ટો અને શાલ અર્પણ કરી પ્રમુખશ્રી ગુણવંતભાઈ ડેલાવાળા તથા અતિથિવિશેષ મહાનુભાવો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રતિભાવમાં સત્યપ્રકાશભાઈએ જણાવ્યું કે, તેમને માતા-પિતાના આશીર્વાદ તથા તેમણે ચિંધેલ સત્યનો રાહ પકડીને જ હું સફળતા મેળવી રહ્યો છું. આ તકે સમગ્ર સભાગૃહે ભાવ-વિભોર થઈને તેમને તાલીઓના ગડગડાટથી વધાવી લીધા હતા. શ્રી સત્યપ્રકાશ નાગરિક સહકારી બેંકોમાં નાની વયના પરંતુ ઉત્તમ વહીવટકર્તા અને પારદર્શક વહીવટ માટેનું સન્માન મેળવી ચૂકેલ છે જે બદલ સૌએ ગૌરવ અનુભવ્યું.

**અતિથિ વિશેષ પદેથી ઉદ્‌બોધન કરતા શ્રી ડાહ્યાભાઈ ડેલાવાળાએ જણાવેલ કે, કંસારા જ્ઞાતિમાં ઐક્યની સ્થાપના થવાથી સમાજ વધુને વધુ સમૃદ્ધ બનશે. તેમણે ઉપસ્થિત સમુદાયને જણાવ્યું કે આવો આપણે સૌ એક બની સમાજ અને જ્ઞાતિના વિકાસ માટે કટિબદ્ધ બનીએ.**

આ તકે કિલ્લા પારડીને સાત ગામ કંસારા પંચના પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ ભરતીયાએ જણાવેલ કે આવા મેળાવડાથી જ્ઞાતિમાં ઐક્યની ભાવના વધુ દૃઢ બને છે.

રાજસ્થાનના અગ્રણી ઉદ્યોગપતિ શ્રી નંદકિશોરભાઈ કંસારાએ જણાવેલ કે, સમાજના કામ માટે તમારી સાથે અમો પણ દોડવા તૈયાર છીએ.

છઠ્ઠા યુવા પરિચય મેળાના સુકાની તથા પૂર્વ પ્રમુખશ્રી રાજેશભાઈ કંસારાએ કાર્યક્રમની વિગતવાર માહિતી આપેલ તથા પરિચય મેળાને સફળ અને જીવંત બનાવવા માટે સૂચનો કરવાની સાથે કમ્પ્યૂટર ટેકનોલોજી અને અદ્યતન દૃશ્ય સાધનો ઉપયોગ કરી પાસે કે દૂર બેઠેલા સૌ કોઈને લાભ મળી રહે તેવી વ્યવસ્થા સમજાવી હતી.

કન્વીનર અને પૂર્વ પ્રમુખશ્રી ભરતભાઈ શેઠે આ તકે સ્વાગત, બેઠક વ્યવસ્થા રજિસ્ટ્રેશન, ભોજન વ્યવસ્થા, ડેકોરેશન-પત્રિકા અને પરિચય પુસ્તિકા તૈયાર કરવામાં સામેલ યુવા ભાઈ-બહેનોની જહેમતની નોંધ લઈ કાર્યક્રમની સફળતાના યશભાગી કાર્યકરોની વિગત રજૂ કરેલ.

કંસારા ટાઈમ્સના તંત્રી શ્રી કે. એમ. માવાણીએ જણાવ્યુ કે પરિચય મેળાની સફળતા માટે સામેના પાત્રની આવક, ક્યા શહેરમાં રહે છે તે, ઊંચાઈ, દેખાવ વગેરેના કરતા પણ તેમનામાં રહેલ ગુણ, પ્રેમ તથા કુટુંબ ભાવનાને જોઈને પસંદગી કરવી જોઈએ.

સત્કાર સમારંભ બાદ ઉપસ્થિત યુવા-બહેનોને જિલ્લા મુજબ બેઠક વ્યવસ્થા ગોઠવેલ તે જ પ્રમાણે જિલ્લા મુજબ વારાફરતી પરિચય માટે મંચ ઉપર બોલાવી પરિચય આપવામાં આવેલ. ચાલુ સાલ યુવાનો તથા યુવતીઓની હાજરીમાં સંખ્યા પ્રમાણમાં ઘણી જ સારી હતી. બપોરે ભોજનની સુંદર વ્યવસ્થા ગોઠવાયેલી હોવાથી બધા જ જ્ઞાતિજનોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

યુવા પરિચય મેળાના સ્થળે સાંજે ૭-૦૦ કલાકે સામાન્ય સભા શ્રી મણીભાઈ કંસારાના પ્રમુખ સ્થાને યોજવામાં આવી હતી.

શ્રી ભરતભાઈ શેઠે એજન્ડાપૂર્વક કાર્યવાહી હાથ ધરી હતી. શ્રી રાજેશભાઈ કંસારાએ વાર્ષિક હિસાબો અંગે વિગતવાર ચર્ચા કરી હતી.

શ્રી બાબુભાઈ કંસારા, શ્રી કિરણભાઈ ખાખી, રમેશ બી. કંસારા વિગેરેએ પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા. ચર્ચાને અંતે હિસાબો મંજુર કરવામાં આવેલ તથા ઓડિટર તરીકે નિઃસ્વાર્થ રીતે સેવા આપતા શ્રી હરીશભાઈ કંસારાની સેવાને બિરદાવી પુનઃનિયુક્ત કરવામાં આવેલ. મંત્રીશ્રી વિજયભાઈ આઈ. કંસારાએ આભારવિધિ કરી હતી.

છઠ્ઠા યુવા પરિચય મેળામાં ભાગ લેનાર યુવક-યુવતી તથા તેમના વાલીઓ તેમજ જાહેરખબર દાતાઓ અને કારોબારી સભ્યો તથા આમંત્રિતો સહિત સભામંડપમાં અંદાજે બે હજાર પાંચસો જેટલા જ્ઞાતિજનો સવારે ૮-૦૦ વાગ્યાથી રાત્રીના ૮-૦૦ વાગ્યા સુધી ડી. કે. પટેલ હોલમાં વિશાળ સમિયાણામાં એકત્રિત થયા હતા. દરેકના ચહેરા ઉપર શાંતિ અને પ્રસન્નતા દેખાતી હતી. મૂળ ગુજરાતના પરંતુ રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં સ્થાયી થયેલા આપણા જ્ઞાતિજનોએ આવા પ્રસંગે હાજર રહીને પોતાની ધન્યતા તથા સમાજની કામગીરીની પ્રશંસા કરી હતી. વ્યવસાય માટે દિલ્હી સ્થાયી થયેલા આપણા કંસારા ભાઈઓના પ્રતિનિધિશ્રી ભોગીલાલ કંસારા પણ હાજર રહેલ. પોતાને કંસારા ટાઈમ્સ નહીં મળવા ઉપરાંત કેટલીક ફરિયાદોની સાથે સારી કામગીરીના અભિનંદન પણ તેમણે પાઠવેલા.

છઠ્ઠા પરિચય મેળાના સુકાની પૂર્વ પ્રમુખશ્રી રાજેશભાઈ કંસારા અને ભરતભાઈ શેઠ બંનેને રામ-લક્ષ્મણની જોડીથી નવાજવામાં આવેલ. તેમની દૂરંદેશી તથા કાર્યકુશળતાનો અહેસાસ દરેક જગ્યાએ જોવા મળેલ. આઠ દસકા વટાવી ચૂકેલા મુ.શ્રી હરિશચંદ્રભાઈ કંસારા (દાદા) તથા શ્રી વિનુભાઈ લાલાણી નિયમિત રીત કાર્યાલયમાં હાજર રહી દરેકને હુંફ અને માર્ગદર્શન પુરુ પાડતા હતા.

યુવા પરિચય મેળાની અનેકવિધ કામગીરી દરરોજ નિયમિત સાંજે કાર્યાલયમાં શ્રી ઈશ્વરભાઈ કાણકિયા, બાબુભાઈ કંસારા, શ્રી ગુણવંતભાઈ ખાખી, શ્રી અનંતભાઈ શેઠ, ઉષાબેન જી. કંસારા સંભાળતા. શ્રી મુકુંદભાઈ પરમાર, શ્રી મણીભાઈ કંસારા તથા શ્રી સુરેશભાઈ ગોરખિયાનું સતત માર્ગદર્શન મળ્યા કરતું. જ્યારે સમગ્ર કાર્યક્રમને માટે જરૂરી પરિચય પુસ્તિકા માટેનું કાર્ય કમ્પ્યુટર ઉપર શ્રી નિકુંજભાઈ કંસારાએ ખૂબ જ મહેનતથી પાર પાડેલ.

ચા-નાસ્તા, ભોજનની સુંદર વ્યવસ્થા શ્રી સુરેશભાઈ પરમાર, રમેશભાઈ શેઠની રાહબરી નીચે મનીષભાઈ કંસારા, હર્ષદભાઈ કંસારા, અનિરૂદ્ધભાઈ કંસારા, માર્કંડભાઈ કંસારાએ સંભાળી હતી. પાટડીના હોશિલા યુવા કાર્યકર શ્રી શ્યામલાલ કંસારા તથા બળવંતભાઈ પાવાગઢી બધે દોડાદોડી કરવામાં રોકાયેલા રહ્યા હતા.

કાર્યક્રમની એનાઉન્સમેન્ટની જવાબદારી શ્રી હિતેષભાઈ માવાણી (આકાશવાણી, રાજકોટના કાર્યક્રમના નિર્દેશક) શ્રી અતુલભાઈ સોની (તંત્રીશ્રી જ્ઞાતિસેતુ) શ્રી ભાવિનભાઈ, રાજેશભાઈ કાગડા, શ્રી કિરણભાઈ દંગી તથા શ્રીમતી ઉષાબેન કંસારા તથા ઉર્મિલાબેન કંસારાએ સંભાળીને કાર્યક્રમને રસપ્રચુર બનાવ્યો હતો.

**સૌજન્ય : ધ ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**

## ડો. ઉપેન્દ્ર કલાઈગર, સુરતને અભિનંદન

તા. ૨૯-૧૨-૨૦૧૩ના રોજ યુવા પરિચય મેળામાં તેજસ્વી તારલાઓ, ધો. ૧૦ અને ધો. ૧૨ના બહુમાન પ્રસંગે કરી હતી. ઉચ્ચ કારકિર્દી અને વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોમાં ઉત્તીર્ણ થનારને પણ સન્માનવા જોઈએ તેવી લાગણી વ્યક્ત કરી હતી. સુરતની સુદર્શન આંખની હોસ્પિટલના નેત્ર વિશેષજ્ઞ સર્જન ડો. ઉપેન્દ્ર બી. કલાઈગર કે જેઓ સમસ્ત કંસારા સમાજના શરૂઆતથી જ સક્રીય કાર્યકર અને માર્ગદર્શક રહ્યા છે, તેમના તરફથી તબીબી શિક્ષણ (M.B.B.S. હોમિયોપેથી-આયુર્વેદિક) વિગેરે ક્ષેત્રે તેમજ દંત ચિકિત્સા (B.D.S.) નેત્ર ચિકિત્સામાં ડીગ્રી તથા પોસ્ટ ગ્રેજ્યુએટની પરીક્ષા ઉત્તીર્ણ કરનાર દરેકને દર વર્ષે સમાજના વાર્ષિક કાર્યક્રમમાં અનુક્રમે ગ્રેજ્યુએશન કક્ષાએ રૂ. ૧૦૦૦/- અને પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ રૂા. ૧૫૦૦ રોકડ ઈનામ ૨૦૨૦ સુધી આપવામાં આવશે તથા ત્યારબાદ પણ તેમનું કુટુંબ આ ઈનામો આપતું રહેશે તેવી જાહેરાત કરી છે.

અમો ડો. ઉપેન્દ્ર કલાઈગરની જાહેરાત તથા ભાવનાને બિરદાવીએ છીએ. તથા આવા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો માટે અન્ય દાતાશ્રીઓ પણ આગળ આવે તેવી અભ્યર્થના વ્યક્ત કરીએ છીએ.

| | |
|---|---|
| શ્રી ગુણવંતભાઈ ડેલાવાળા | શ્રી બટુકભાઈ વી. કંસારા |
| પ્રમુખશ્રી, સમસ્ત કંસારા સમાજ, ગુજરાત | પ્રમુખશ્રી, ધાતુ પરિવાર સેવા ટ્રસ્ટ |

# સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) છઠ્ઠો પરિચય મેળો સમસ્તની શાખ પૂરતો શકવર્તિ પ્રસંગ

– હંસરાજ કંસારા, અતુલ સોની

૨૯, ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ અમદાવાદના નવરંગપુરા વિસ્તાર સ્થિત ડી. કે. હોલમાં સમસ્ત કંસારા સમાજ દ્વારા 'યુવા પરિચય મેળા'નું આયોજન થયું.

ગુજરાત સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારો ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તામિલનાડુમાં વસતા આપણા (કંસારા જ્ઞાતિ સમસ્ત) પરિવારોમાંથી આવેલા લગ્નોત્સુક યુવકો, યુવતિઓ અને એમના પરિવારના સભ્યો તેમજ આમંત્રિતો મળીને અંદાજે બે હજાર જેટલા લોકો આ મેળામાં ઉપસ્થિત રહ્યા હતા.

ડી. કે. હોલના પ્રાંગણમાં વહેલી સવારથી મોડી સાંજ સુધી ઉત્સવનો માહોલ રહ્યો હતો. શિયાળાની શીત લહેર સાથે સુરજની હુંફાળી ઉષ્મા માણતા મહેમાનો અને એમનો સરભરા/ સ્વાગતમાં વ્યસ્ત સંસ્થાના આયોજકો તેમજ કાર્યકરો વદન પર અને વર્તુળમાં નિજને નજદીકથી નિહાળવા અને નાણવા/ જાણવા માટે મળેલા 'અવસર' નો ભરપુર ઉપયોગ કરી લેવાનો ઉત્સાહ હતો.

ઉચ્ચ શિક્ષણ પ્રસાર, વિપુલ વ્યવસાય વૈવિધ્ય અને સાર્વત્રિક શહેરીકરણને પરિણામે ભારતીય પરંપરાગત જ્ઞાતિ પ્રથાના બંધનો હવે એકદમ હળવા થઈ ગયા છે. તેમ છતાં વિભિન્ન જ્ઞાતિના સભ્યોનો એમનો જ્ઞાતિ પ્રત્યેનો સંસ્કૃતિત્વ અહોભાવ અને લગાવ આજ પણ મહદ્અંશે મુક્કમીલ રહ્યો છે. એજ રીતે આધુનિકતાના અંધાધુંધ આક્રમણ છતાં આજ પણ મોટા ભાગના ભારતીય લગ્નો 'કરાર' રૂપે કોર્ટને કાંગરે નહીં પરંતુ સંસ્કાર રૂપે કુટુંબની કાંખે ગોઠવાય છે અને એટલે જ હાલના માહોલમાં લગ્નોત્સુક યુવક-યુવતિઓ તેમજ એમના પરિવારના સદસ્યોના પરસ્પર પરિચય હેતુ યુવા મિલન કાર્યક્રમોનું આગવું ઔચિત્ય છે. ભારતના લગભગ બધા જ જ્ઞાતિ સમાજો એમની જ્ઞાતિના સભ્યો માટે આવશ્યકતા અનુસાર પરિચય મેળાનું આયોજન કરે છે.

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) પણ છેલ્લા એક દાયકાથી દર ત્રણ વર્ષે, ગુજરાત તેમજ દેશના વિભિન્ન રાજ્યોમાં વસતા કંસારા જ્ઞાતિના વિભિન્ન ગોળ/ઘટકોના પરિવારોના લગ્નોત્સુક ઉમેદવારોના લાભાર્થે 'પરિચય મેળા'નું આયોજન કરે છે. આ સંસ્થાના જ્ઞાતિ સમસ્તને એક સૂત્રે સાંકડી લેવાના ઉમદા ઉદ્દેશ્યથી આયોજિત આ મેળાઓની શ્રૃંખલાનો આ છઠ્ઠો અવસર હતો. અમદાવાદના 'ધાતુ પરિવાર' અને 'કલ્યાણી ટ્રસ્ટ'ના કાર્યકર્તાઓના સક્રિય સહયોગથી આ મેળાનું આયોજન થયું હતું.

૩૬૨ યુવકો અને ૧૪૯ યુવતિઓએ આ પરિચય મેળામાં ભાગ લેવા આવેદન આપ્યા હતા. એમાંના લગભગ ૮૦ ટકા એટલે કે અંદાજે ત્રણસો યુવકો અને સૌથી વધુ યુવતિઓ આ મેળામાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તેમના વડીલો તેમજ સમાજના આગેવાનોની શાખે રૂબરૂ સ્ટેજ પર પ્રસ્તુત થઈ, પોતાનો પરિચય આપ્યો હતો. અગાઉથી રજીસ્ટર ન થયેલા પરંતુ તત્સમયે મેળામાં ઉપસ્થિત એવા કેટલાક અન્ય યુવક/ યુવતિઓને પણ એમનો પરિચય આપવાનો લાભ મળ્યો હતો.

સમસ્ત કંસારા સમાજના 'પરિચય મેળા' થકી અપાયેલા 'સાદ'ને જ્ઞાતિના વિવિધ ગોળ-ઘટકના છૂટા છવાયેલા વસેલા પરિવારોએ અને ખાસ કરીને યુવા વર્ગે આપેલો આ પ્રોત્સાહક પ્રતિસાદ જ્ઞાતિ-સભ્યોની જ્ઞાતિ-પ્રતિબદ્ધતા વ્યક્ત કરે છે. તેમજ સમસ્ત કંસારા સમાજ (ગુજરાત)ની વ્યાપક સંસ્થાકીય પ્રતિષ્ઠાનું પ્રબળ પ્રમાણ પ્રસ્તુત કરે છે. સાથે સાથે જ્ઞાતિ સમસ્તની વૈવિધ્ય સભર વિવિધતામાં અંતર્નિહિત 'એકતા'ની આકાંક્ષા ઉજાગર કરે છે.

પરિચય મેળાનું આયોજન સર્વગ્રાહી હતું. લગ્નેચ્છુક ઉમેદવારો અને એમના પરિવારોની વિસ્તારવાર બેઠક વ્યવસ્થા, ઉમેદવારોની શિસ્તબદ્ધ સ્ટેજ પ્રસ્તુતિ, ઉદ્‌ઘોષકો દ્વારા ઉમેદવારોની ચોક્કસાઈભર્યો સંક્ષિપ્ત પરિચય આદી તમામ પ્રક્રિયા સહજ, સરળ અને ક્ષતિરહિત હતી. સંસ્થાના આયોજકોની અનુભવી દ્રષ્ટિ, વ્યવસ્થાપકોની ચિવટ અને નાના મોટા બધા જ સ્વયંસેવક-સેવિકાઓની ફરજ નિષ્ઠાની પૃષ્ઠ ભૂમિમાં 'Team spirit' સંઘભાવના સ્પષ્ટ વર્તાતી હતી.

ઉમેદવારોનો 'Voice-over' પરિચય ઉપરાંત એમને સ્વયં કોઈ વિશેષ માહિતી આપવી હોય તો તે માટે પણ તેમને પૂરતો સમય અપાતો હતો. સમારોહનો માહોલ એકદમ (In formal) પોતિકો રહ્યો હતો અને એટલે જ યુવકો અને ખાસ કરીને યુવતિઓની સ્ટેજ પ્રસ્તુતિ સહજ, નિસંકોચ અને પુરતા આત્મવિશ્વાસ સભર હતી.

પરિવાર મેળાના અવિભાજ્ય અંગ સમાન લગ્નેચ્છુક ઉમેદવારોનો વ્યક્તિગત પરિચય આપતી પુસ્તિકાનું સ્વાગત સમયે જ વિતરણ થયું હતું. પરિણામે ઉમેદવારોને એમની વિગતો ચકાસી લેવાનો અને આવશ્યકતા અનુસાર સુધરાવી લેવાનો પુરતો સમય મળ્યો હતો.

આ પરિચય પુસ્તિકામાં ૩૬૨ યુવકો અને ૧૪૯ યુવતિઓ મળીને કુલ ૫૧૧ ઉમેદવારોની આયુ, શિક્ષણ, વ્યવસાય, રહેણાંક આદિ વિગતો આપેલી છે. કંસારા જ્ઞાતિ સમસ્તના યુવા વર્ગના Cross Section નું આ વિગતો Representative છે. પુસ્તિકામાં આલેખિત વિગતોનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ થઈ શકે. એ વિશ્લેષણના તારણો થકી, સમાજને જ્ઞાતિના યુવા જૂથનું Potential સમનીય,

એમનો સાંપ્રતિક શૈક્ષણિક, વ્યવસાયિક અને સામાજિક સ્થિતિનો આધારભૂત અંદાજ મળે, એમની સમસ્યાઓના સમાધાન વિચારાય અને જ્ઞાતિના ભાવિ આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક વિકાસમાં એમના યોગદાનની સંભાવનાઓનું આકલન થાય.

પ્રસ્તુત લેખમાં હાલ માત્ર પુસ્તિકાની કેટલીક મહત્વની રસપ્રદ વિગતોનું પ્રાથમિક અવલોકન છે.

**લગ્નેચ્છુક ઉમેદવારો આયુવર્ગ પ્રતિશતઃ**

| **આયુવર્ગ** | **યુવક %** | **યુવતી %** |
|---|---|---|
| ૨૫ વર્ષથી નીચે | ૧૮ | ૪૨ |
| ૨૫ થી ૩૦ વર્ષ | ૪૯ | ૪૫ |
| ૩૦ થી ઉપર | ૩૩ | ૧૩ |

**અવલોકન :**

● લગ્નેચ્છુક પુરૂષ ઉમેદવારોમાં ૩૩ ટકાની વય ૩૦ વર્ષથી વધુ છે. આ વયજૂથમાં મહિલા ઉમેદવારોનું પ્રમાણ ૧૩ ટકા છે.

● ૪૨ ટકા લગ્નેચ્છુક યુવતિઓ ૨૫ વર્ષથી નીચેની વયની છે. આ જુથમાં પુરૂષોનું પ્રમાણ ૧૮ ટકા છે.

● લગ્ન માટેના આદર્શ વયજૂથ ૨૫-૩૦ વર્ષનું (પુ.-સ્ત્રી) પ્રમાણ અનુપાતે ૪૯ અને ૪૫ પ્રતિશત છે.

**લગ્નેચ્છુક ઉમેદવાર સ્તર શિક્ષણ-સ્તર (પ્રતિશત)**

| | **યુવક%** | **યુવતી%** |
|---|---|---|
| ધો. ૧૨ સુધી | ૨૯ | ૩.૫ |
| અનુસ્નાતક (પૂર્વ) | ૭ | ૪.૫ |
| સ્નાતક (ગ્રેજ્યુએટ) | ૩૨ | ૩૦ |
| સ્નાતકોત્તર (પોસ્ટ ગ્રેજ્યુએટ) | ૧૫ | ૪૬ |
| પ્રોફેશનલ (ડોક્ટર, ચાર્ટર્ડ એકાઉ., એન્જી. | ૧૨ | ૯ |
| પ્રોફેશનલ ડિપ્લોમા | ૫ | ૮ |

**અવલોકન :**

● માત્ર ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ ધરાવતા ઉમેદવારો (યુવકો)નું પ્રમાણ ૨૯ ટકા છે. જ્યારે આ જૂથમાં કન્યા ઉમેદવારોનું પ્રમાણ માત્ર ૩.૫ ટકા છે.

● સ્નાકોત્તર સ્તરે પણ ૧૫ ટકા પુરૂષોની સામે, ૪૬ ટકા મહિલાઓ છે.

● પ્રોફેશનલ કોર્સમાં પણ પુરૂષો (૧૨%)ની સામે મહિલાઓ (૯%) નું પ્રમાણ છે. ડિપ્લોમા સ્તરે મહિલાઓ પુરૂષો કરતા આગળ છે.

**જ્ઞાતિ વિશેષ :**

આપણી જ્ઞાતિના યુવા વર્ગ (સ્ત્રી-પુરૂષ) શિક્ષણ સ્તરમાં કેટલાક તફાવતના કારણોમાં સૌથી મહત્વનું કારમ યુવકોનો ઉદ્યોગ-ઉદ્યમલક્ષી દૃષ્ટિકોણ છે. ધો. ૧૨ સુધીના સરેરાશ પ્રગતિ ધરાવતા યુવકોનું રૂઝાન-વ્યવસાયલક્ષી, ખાસ કરીને પૈતૃક વ્યવસાય તરફી હોવાનું સ્વાભાવિક છે.

પુરૂષ ઉમેદવારોનું શિક્ષણ સ્તર, વિગત જોતા એક અન્ય બાબત પણ લક્ષ્યમાં લેવા જેવી એ છે કે **ઉચ્ચત્તમ શિક્ષણ પ્રાપ્ત કેટલાક યુવાને નોકરીને બદલે સ્વરોજગાર પસંદ કર્યો છે. આપણી જ્ઞાતિના આ પ્રતિભાસંપન્ન યુવાનો employment seekers નહીં પરંતુ employment gererator બનવા ઈચ્છે છે જે સમાજના ભાવિ આર્થિક વિકાસ માટે ખૂબ જ આશાસ્પદ સંકેત છે.**

સમસ્ત કંસારા સમાજ (ગુજરાત) અમદાવાદ દ્વારા આયોજીત છઠ્ઠા પરિચય મેળાનું આ માત્ર આછેરું અવલોકન છે. મેળાની ખરી પરિણતીતો ઉમેદવાર યુવા-યુવતિ-પસંદગી-પશ્ચાત સુખી અને સમૃદ્ધ દાંપત્ય જીવન જ હોઈ શકે પરંતુ એક સમાજની દૃષ્ટિએ આવા પરિચય મેળાની અન્ય ઉપલબ્ધિઓ પ્રત્યે પણ લક્ષ્ય આપવું આવશ્યક છે, જેમાં

૧. કંસારા જ્ઞાતિના વિવિધ ગોળ-ઘટકોની ઐક્ય સાધવાની પરિચય મેળાને મળેલો અંતતઃ જ્ઞાતિ સમસ્તની આ આકાંક્ષા વ્યક્ત કરે છે.

૨. સમસ્ત કંસારા સમાજની સંસ્થાકીય પ્રતિષ્ઠાનો વિસ્તરતો વ્યાપ. સમસ્ત ગુજરાતના વિવિધ સ્થળો ઉપરાંત ભારતના ઉત્તર-દક્ષિણ-મધ્ય વિસ્તારોમાં વસતા આપણી જ્ઞાતિના પરિવારો સંસ્થાની અપીલને પહોંચી અને યોગ્ય પ્રતિસાદ મળ્યો એ હકીકત સંસ્થાની વ્યાપક પ્રતિષ્ઠાનું સૂચક છે.

૩. સંસ્થાનું 'સંઘભાવના' પ્રેરિત સુવ્યવસ્થિત સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર અને તેનો વ્યાપક વિસ્તાર, પ્રસ્તુત પ્રસંગનું સફળ આયોજન અને વ્યવસ્થિત સંચાલન આ હકિકતની પુષ્ટી કરે છે.

અંતમાં એટલું જ કહેવાનું કે ભારતમાં પરંપરાગત જ્ઞાતિ પ્રથાનું આગવું અસ્તિત્વ રહેવાનું જ છે, એમાં ભલે કોઈ બંધનો જ હોય. એટલે **જ્ઞાતિના આમ પરિવારોના કલ્યાણ અને વિશ્વાસ માટે સુદૃઢ જ્ઞાતિ-સંસ્થા અને વ્યાપક 'ઐક્ય' આજની આવશ્યકતા છે.** આ પરિચય મેળા થકી આપણને આ બંને મહત્વની બાબતોની અહેસાસ થાય છે. પરિચય મેળામાં 'પરિણય' સુધી પહોંચેલા યુવા હૈયાને સુખદ અને સમૃદ્ધ દાંપત્ય માટે હાર્દિક શુભેચ્છા સાથે આયોજકોને 'દાખલારૂપ' કાર્યક્રમ આયોજન નિયોજન બદલ હાર્દિક અભિનંદન.

# શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ-અમદાવાદ

- સુરેશભાઈ કંસારા

''આપનું છે ... ને આપને અર્પણ''

ગત તા. ૫-૧-૨૦૧૪ના રોજ શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ - અમદાવાદની સામાન્ય સભા શ્રી દેશી લોહાણા વિદ્યાર્થી ભવન કાકરીયા ખાતે સાંજે ૪-૦૦ કલાકે મળી હતી. જેમાં મારૂ કંસારા જ્ઞાતિના તમામ સભ્યો હાજર રહ્યા હતા. જ્ઞાતિજનોનો વિશાળ સમૂહ આજે એકત્રીત થયો હતો. ત્યારબાદ સામાન્યસભાનું કાર્ય આગળ વધારતા સામાન્ય સભાના પ્રમુખ તરીકે શ્રી કંસારા ધનવંતભાઈ ગોવિંદલાલની નિયુક્તિ કરવામાં આવી હતી.




ત્યારબાદ વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ-અમદાવાદ દ્વારા ઈનામની વહેંચણી કરવામાં આવી હતી. તથા વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાનના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ શ્રી કંસારા નંદલાલભાઈ જગજીવનદાસ પરિવાર જે જ્ઞાતિના કોઈપણ કાર્યમાં નિ:સ્વાર્થ સેવા આપતા રહ્યા છે આ પરિવારે વર્ષ ૧૯૮૫માં શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ-અમદાવાદના તમામ સભ્યની એક યાદી બનાવીને તેમના નામ, સરનામા, વ્યવસાય તથા દરેક પરિવારની તમામ યાદીને સાંકળી લેતું એક પરિવાર પરિચય પુસ્તિકાનું વિમોચન કર્યું હતું.

સમય જતાં અમદાવાદમાં મારૂ કંસારાના પરિવારનો ઉત્તરોત્તર વધારો થતા વર્ષ ૨૦૦૫માં શ્રી કંસારા નંદલાલભાઈ જગજીવનદાસ પરિવારે દ્વિતીય પરિવાર પરિચય પુસ્તકનું વિમોચન કર્યું હતું.

સમયાંતરે ટેકનોલોજીનું પ્રમાણ વધતા સંદેશા વ્યવહારના સાધનોમાં દિન-પ્રતિદિન ફેરફારો થતા તથા શહેરોનું આધુનિકરણ થતા શ્રી કંસારા નંદલાલભાઈ જગજીવનદાસ પરિવારને જ્ઞાતિના વડીલોએ તૃતિય પરિવાર પરિચય પુસ્તિકા તૈયાર કરવાની પ્રેરણા આપી. આથી જ્ઞાતિના યુવાન બંધુઓના સાથ સહકારથી જ્ઞાતિના દરેક સભ્યની જન્મ તારીખ, એડ્રેસ, વ્યવસાય, મોબાઈલ નંબર તથા ઈમેલ એડ્રેસ સાથેની માહિતીવાળું પુસ્તક તૈયાર કરવામાં આવ્યું.

તા. ૫-૧-૨૦૧૪ને રવિવારના રોજ દેશી લોહાણા વિદ્યાર્થી ભવનમાં મંડળના તમામ ૧૬૧ પરિવારના ભાઈઓ-બહેનો ઉપસ્થિત હતા. આ તમામની હાજરીમાં શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ - અમદાવાદના પ્રમુખશ્રી કંસારા નવનીતલાલ જગજીવનદાસના વરદ હસ્તે તૃતિય પરિવાર પરિચય પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તકના વિમોચન વખતે લોહાણા ભવન ખચોખચ ભરેલું હતું. જેમાં કંસારા નવનીતલાલ જગજીવનદાસે સુરેશભાઈનું સાલ ઓઢાડીને સન્માન કરેલ. આ સુવર્ણ અવસરને મંડળના તમામ ભાઈઓ-બહેનોએ તાળીઓના ગળગળાટથી વધાવી લીધેલ.

ત્યારબાદ મંડળના કોઈપણ કાર્ય માટે સહાય ઉપસ્થિત રહેતા તથા મંડળની તન-મન-ધનથી સેવા કરતા અને નાની ઉંમરે ચાર્ટર્ડ એકાઉન્ટ થયેલા શ્રી હિતેષભાઈ મનહરભાઈ પોમલનું શ્રી કંસારા નવનીતલાલ જગજીવનદાસે રાધા-કૃષ્ણની મૂર્તિ આપી સન્માન કરેલ તથા સર્વ શ્રી ધનવંતભાઈ, રમેશભાઈ, જશવંતભાઈ, પ્રમોદભાઈ વગેરેએ શ્રી હિતેષભાઈ મનહરભાઈ પોમલને પુષ્પગુચ્છ આપી સન્માન કરેલ.



શ્રી હિતેષભાઈ મનહરભાઈ પોમલે મંડળને ચેરિટી કમિશ્નરમાં રજીસ્ટર્ડ કરાવવા Sec. 80G માટે જરૂરી કાયદાકીય સલાહ સૂચન કરવા તથા મંડળના હિસાબો નિયમિત ઓડીટ થાય તે માટેની સંપૂર્ણ વ્યવસ્થા આપીશ્રીએ કરાવી આપેલ છે. તથા મંડળના ભાઈઓ-બહેનોએ ભણતર પ્રત્યે જાગૃત કર્યા છે.

શ્રી કંસારા નંદલાલભાઈ જગજીવનદાસ પરિવાર તથા શ્રી કંસારા હિતેષભાઈ મનહરભાઈ પોમલે શ્રી સૌરાષ્ટ્ર મારૂ કંસારા મંડળ - અમદાવાદને આપેલ ઉમદા સેવાઓ મંડળ અને મંડળના સભ્યો હરગીઝ ભૂલી શકશે નહિ. આ બંને પરિવારનો જ્ઞાતિભાઈઓ ખરા મનથી ખૂબ-ખૂબ આભાર માને છે.

# મહિયા પરિવાર : પોપટલાલ હેમરાજ મોરારજી

સંકલન : નરેન્દ્રકુમાર એમ. સોની-ગાંધીનગર

મહીયા નુખની જોડણી જુદી જુદી રીતે ઉલ્લેખ થાય. છે જેમ કે, મૈયા, મયેચા, મેવચા, મઈચા, મહિયા, મહીચ્છા, સાચી જોડણી એ સંશોધનનો વિષય છે જે અંગે કોઈ નક્કર માહિતી ઉપલબ્ધ નથી જેથી મહિયા તરીકે અત્યારે સ્વીકારી માહિતી રજુ કરેલ છે.

મહિયા પરિવારના લગભગ ૧૫ થી ૧૭ પેઢી સુધીની નામાવલીની માહિતી ઉપલબ્ધ છે જેની સ્પષ્ટ આંબો (વૃક્ષ) તરીકેની વિગત દર્શાવતું ચિત્ર પણ છે. જે ચંદ્રકાંત એમ. સોની, જયનગર, ભુજના નિવાસે જાળવી રાખેલ છે. પરંતુ, આ તમામની વસવાટ-રહેણાંક તે વખતના કામકાજ-ધંધા રોજગાર અંગેના ઈતિહાસ-માહિતી ઉપલબ્ધ નથી. જેથી જૂની પેઢી હાલ વધુ પ્રકાશ પડી શકાય તેમ નથી.

શ્રી હેમરાજ મોરારજી અને તેમના બે પુત્ર મેઘજીભાઈ અને પોપટલાલ છે. એ લોકો રંગુનમાં વસવાટ કરતા હતા અને ત્યારબાદ એ લોકો રાજકોટ અને કચ્છમાં પણ સ્થાયી થયેલ હતા.

હાલના તબક્કે બે પેઢીની એટલે કે, મેઘજીભાઈ અને પોપટલાલના વારસદારોની માહિતી આપી શકાય તેમ હોઈ પ્રથમ મહીચા પોપટલાલ હેમરાજની વિગતે અત્રે રજુ કરેલ છે.

મહિયા પોપટલાલ હેમરાજના સંતાનોની વિગત આ પ્રમાણે છે.

શ્રી ભગતલાલ (નાનાલાલ) શ્રી મગનલાલ અને સૌથી નાના પુત્ર : શ્રી વિઠ્ઠલદાસ અને ત્રણ પુત્રી નામે મણીબેન, રંગુબેન અને સંતોકબેન પણ હયાત નથી. તે પૈકી મણીબેનના લગ્ન શ્રી ઠાકરશીભાઈ કંસારા (જે તે સમયે ન્યાયધીશ) સાથે, સંતોકબેનના લગ્ન ભુજ નિવાસી જેરામભાઈ કાનજી બીજલાણી સાથે તેમજ રંગુબેનના લગ્ન રાયપુર નિવાસી બુદ્ધભટ્ટી દામજીભાઈ (મૂળ-કુંભારિયા) સાથે થયેલ હતા. તેમની ત્રણ પુત્રીઓ પૈકી પણ કોઈ હયાત નથી.

શ્રી ભગતલાલ (નાનાલાલ) શરૂઆતમાં રાજકોટ ખાતે જીવન વિતાવેલ અને જિંદગીના અંતિમ વારસો અમદાવાદ ખાતે પસાર કરેલ હતા. શ્રી મગનલાલભાઈએ તેમનું મોટાભાગનું જીવન રાજકોટ ખાતે વિતાવેલ હતું. જ્યારે શ્રી વિઠ્ઠલદાસભાઈ તેમનું જીવન રાજકોટ ખાતે અને માંડવી-કચ્છ જિંદગીના અંતિમ વારસો ભુજમાં પસાર કરેલ હતા. મહીચા પોપટલાલ હેમરાજ અને તેમના સંતાનો શ્રી ભગતલાલ (નાનાલાલ) શ્રી મગનલાલ અને પુત્ર શ્રી વિઠ્ઠલદાસ હાલે એમાનાં કોઈ હયાત નથી.

શ્રી ભગતલાલ (નાનાલાલ) ના બે પુત્ર નામે ૧. બટુકભાઈ (તનસુખભાઈ) અને ૨. હસમુખભાઈ છે.

બટુકભાઈ (તનસુખભાઈ) ભારત સરકારમાં વર્ગ-૧માં અધિકારી તરીકે અમદાવાદ, મેરઠ, ઈન્દોર, મુંબઈ વગેરે સ્થળોએ ફરજ બજાવતા હતા અને તાજેતરમાં એટલે કે જાન્યુઆરી-૨૦૧૨માં અવસાન થયેલ છે. બટુકભાઈ (તનસુખભાઈ)ને એક પુત્ર શ્રી મેહુલ મહીચા હાલ દિલ્હી ખાતે સર્વિસ કરે છે અને બે પુત્રીઓ છે. પ્રવિણાબેન અને પ્રીતિબેન. પ્રવિણાબેનને શ્રી પ્રફુલભાઈ સાકરીયા સાથે પરણાવેલ છે અને પ્રવિણાબેન કેન્દ્રીય વિદ્યાલયમાં ટીચર તરીકે વડોદરા ખાતે સેવા બજાવે છે. જ્યારે પ્રીતિબેન બેંગ્લોર મુકામે નોકરી કરે છે.

ભગતલાલ (નાનાલાલ)ના બીજા પુત્ર હસમુખભાઈ અમદાવાદ ખાતે 'મઝદા' કંપનીમાં સેવા કરતા હતા અને નિવૃત્ત થઈને પણ તેમની સેવા ત્યાં જ ચાલુ છે.

આ ઉપરાંત શ્રી ભગતલાલ (નાનાલાલ)ને ચાર પુત્રીઓ પણ છે. તે પૈકી તારાબેનને શ્રી હરીલાલ કટ્ટા (ભચાઉવાલા) હાલે ભુજ સાથે પરણાવેલ છે. પુષ્પાબેનને શ્રી કાંતિલાલ બગા (ઢોરીવાળા) હાલે ભુજમાં થયેલ છે. ભારતીબેન હાલ હયાત નથી તેમના લગ્ન દીપકકુમાર ભાણજી (મોરબીવાળા) સાથે થયેલ.

નાના પુત્રી મીનાબેનના લગ્ન નરેશકુમાર દામજી સોલંકી ખેડબ્રહ્મા સાથે થયેલ છે.

મગનલાલભાઈના ત્રણ પુત્રો પૈકી ૧. શ્રી જયંતિલાલ સોની, તેમના જીવન દરમ્યાન રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ અને હાલમં ૧૯૭૪ થી એટલે કે ૪૦ વર્ષથી ભુજ ખાતે રહે છે. તેઓશ્રીએ મહેસુલ ખાતામાં નાયબ મામલતદાર તરીકે નોકરી કરી નિવૃત્ત થયેલ છે. તેમાં છતાંય ખાસ કેસ તરીકે તેઓ હજુ પણ મહેસુલ ખાતામાં તેમની સેવા આપી રહેલ છે.

મગનલાલના બીજા પુત્ર ચંદ્રકાંત (ચંદુ) છે. તેમના જીવન દરમ્યાન મુખ્યત્વે રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ છે અને હાલમાં ૩૫-૪૦ વર્ષથી ભુજ ખાતે રહે છે. તેઓશ્રીએ પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી કરી નિવૃત્ત થયેલ છે. ચંદ્રકાંત (ચંદુ)ને એક પુત્ર અલ્પેશ અને પુત્રી સમતા છે. અલ્પેશને એક પુત્ર અને એક પુત્રી જીનલ છે. અલ્પેશ ભુજમાં સોના-ચાંદીનું કામકાજ કરે છે.

મગનલાલના ત્રીજા પુત્ર નરેશ છે. તેમના જીવન દરમ્યાન મુખ્યત્વે રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ અને હાલમાં સને ૧૯૭૭ થી (૩૭ વર્ષથી) ગાંધીનગર ખાતે રહે છે. તેઓશ્રીએ ગુજરાત સરકારના ફોરેસ્ટ ડીપાર્ટમેન્ટમાં મુખ્ય કારકુન તરીકે સેવા બજાવી, ૨૦૧૧ ઓક્ટોબરમાં નિવૃત થયેલ છે અને હાલમાં જ્ઞાતિની સામાજિક પ્રવૃત્તિમાં જોડાયેલા છે.

નરેન્દ્રભાઈ બે પુત્ર છે : હાર્દિક છે, તેઓ ચીમનભાઈ પટેલની કોલેજમાં નિયામક-કમ-પ્રોફેસર તરીકે સેવા બજાવી રહેલ છે. બીજા પુત્ર શ્રી હેમાંગ એન્જીનીયર તરીકે વિદેશમાં

(આયરલેન્ડ) પ્રાયવેટ કંપનીમાં સેવા બજાવે છે.

આ ઉપરાંત મગનલાલભાઈને એક પુત્રી નામે જયશ્રીબેન છે. તેમના લગ્ન મૂળ-નાગલપરના શ્રી જગદીશ રમણીકલાલ બારમેડા સાથે થયેલ છે. જયશ્રીબેને પણ તેમના જીવન દરમ્યાન મુખ્યત્વે રાજકોટ, અંજાર અને નખત્રાણા વસવાટ કરેલ અને હાલમાં ૨૦-૨૨ વર્ષથી અંજાર ખાતે રહે છે અને પ્રાથમિક શિક્ષક તરીકે નોકરી ચાલુ છે.

વિઠ્ઠલભાઈને બે પુત્ર ગિરીશભાઈ અને ભરતભાઈ છે. તેમને પાંચ પુત્રી હસુમતી, કલુબેન, હેમુબેન, ખુશીબેન અને રંજનબેન.

ગિરીશભાઈ હાલમાં માધાપર-કચ્છ અને ભરતભાઈ ભુજ ખાતે રહી ચાંદી કામ કરે છે.

ગિરીશભાઈને બે પુત્ર ધવલ અને નીલ છે. બંને પુત્ર પણ તેમના પિતાજીની સાથે જ ચાંદી કામ કરે છે.

વિઠ્ઠલભાઈની પાંચ પુત્રીઓ પૈકી પુષ્પાબેન અને હેમુબેન હાલ હયાત નથી. હસુમતીબેનને શ્રી લવજી લખમશી બુદ્ધભટ્ટી (રાપર નિવાસી) હાલે ભુજ સાથે લગ્ન થયેલ છે. કલુબેનના લગ્ન શ્રી પ્રાણલાલ ધનજી સાકરીયા (અંજારવાળા) હાલે માધાપર રહેવાસી સાથે થયેલ છે. સ્વ. હેમુબેનના લગ્ન ધાનેરા મુકામે રહેતા ભુપેન્દ્ર અમીચંદ સોલંકી સાથે થયેલ હતા.

રંજનબેનના લગ્ન નાગલપર-માંડવીના શ્રી જયેશ લક્ષ્મીદાસ સોલંકી સાથે થયેલ છે. શ્રી મહિચા મેઘજી હેમરાજ તથા અન્ય મહિચા પરિવારની વિગતવાર માહિતી મેળવવામાં આવી રહી છે જેમ જેમ તૈયાર થશે તેમ તેમ આગામી અંકમાં આપવામાં આવશે.

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલામંડળ


પ્રમુખ - જ્યોતિબેન રમણીકલાલ કટ્ટા


ઉપપ્રમુખ - કલ્પનાબેન પરેશભાઈ સાકરીયા


ઉપપ્રમુખ - જયાબેન કિરીટભાઈ બારમેડા


મંત્રી - હેતલબેન ભાવેશભાઈ પોમલ


સહમંત્રી
ક્રિષ્નાબેન અતુલભાઈ સોલંકી


ખજાનચી
રસિલાબેન ધીરજલાલ કટ્ટા



સહખજાનચી
વિજયાબેન દિનેશભાઈ બુદ્ધભટ્ટી

તા. ૧૪-૧-૨૦૧૪ના રોજ મહિલામંડળની મિટીંગ યોજવામાં આવેલ હતી. જેના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં નવા હોદ્દેદારો પ્રમુખ-જ્યોતિબેન રમણીકલાલ કટ્ટા, ઉપપ્રમુખ-જયાબેન કિરીટભાઈ બારમેડા, ઉપપ્રમુખ-કલ્પના નવીનભાઈ કટ્ટા, મંત્રી-હેતલબેન ભાવેશભાઈ પોમલ, સહમંત્રી-ક્રિષ્નાબેન અતુલભાઈ સોલંકી, ખજાનચી-રસિલાબેન ધીરજલાલ કટ્ટા, સહખજાનચી-વિજયાબેન દિનેશભાઈ બુદ્ધભટ્ટી તરીકે હોદ્દેદારો નિમાયા હતા અને ૧૫ કારોબારી સભ્યોની રચના કરવામાં આવી હતી. જેમાં પુનમબેન જીંકલભાઈ કટ્ટા, પ્રજ્ઞાબેન પ્રફુલભાઈ કંસારા, રંજનબેન રાજેશભાઈ સાકરીયા, કલ્પનાબેન પરેશભાઈ સાકરીયા, કલ્પનાબેન જયેશભાઈ કટ્ટા, રેખાબેન નિતીનભાઈ કટ્ટા, શોભનાબેન કિશોરભાઈ કોટડીયા, દક્ષાબેન મહેશભાઈ બુદ્ધભટ્ટી, દક્ષાબેન કાંતિલાલ સોની, વસંતીબેન શંકરભાઈ બુદ્ધભટ્ટી, કૌશલ્યાબેન વિનોદભાઈ ગુજરાતી, ઉર્મિલાબેન રાજેશભાઈ બગ્ગા, ગીતાબેન મોહનભાઈ કોટડીયા, કોકિલાબેન પ્રકાશભાઈ કટ્ટા, રસિલાબેન ગંગારામભાઈ બુદ્ધભટ્ટી, ભાવનાબેન રમેશભાઈ કંસારા

વ્યક્તિ વિશેષ

# અલગારી આલમનો એન્ટીક પીસ - સદાબહાર સુંદર ભેળવાલા

**પી. જી. સોની 'દાસ'**



સુંદરજીભાઈ આપની ઉંમર કેટલી ? મારી ઉંમર સાડા બાવીસ વર્ષ સાડા બાવીસ ?!! હા, આમ તો હું આજે ૮૩ વર્ષનો યુવાન છું. પણ હું સાડા બાવીસ વર્ષનો હતો ત્યારે કોઈકે ઉંમર વિશે પૂછ્યું હતું, બસ ત્યારથી આજ સુધી અને સો વર્ષનો થઈશ ત્યાં સુધી વરસ તો સાડા બાવીસ જ કહીશ, બંદા બોલ્યા ન ફરે, જબાનનો પાકો છું, આવા સદાબહાર સાયકલ પ્રવાસી સુંદરજીભાઈને કોઈ રૂદ્રાક્ષ કહે, કોઈ અલગારી કહે, કોઈ એન્ટીક પીસ કહે, કોઈ મસાણીયો કહે,પણ એની સાચી ઓળખ તો 'સુંદરજી ભેળવાલા'

ભુજમાં કંસારા બજારમાં આવેલા નાના ફળિયામાં એમના નિવાસ સ્થાને બેઠીદડીના બંડી દાઢી ધારી અને વિવિધ મુખી રૂદ્રાક્ષના પારાઓ અને માળા ધારણ કરેલા સોની સુંદરજી ખેંગારભાઈ કંસારા (બિજલાણી)ની આ લખનારે મુલાકાત લીધી ત્યારે એમના રૂમમાં ૦ થી ૨૫ મુખી અસંખ્ય રૂદ્રાક્ષના દુર્લભ પારાઓ અને સેંકડો રૂદ્રાક્ષની માળાઓ જોવા મળી, ઉપરાંત તુલસીની માળાઓ, ચંદન, ગંગાજળ તથા દેવપ્રયાગ (હિમાલય)ની ચમકતી રેતી પણ જોવા મળી, આશ્ચર્યસહજ આ ચમકતી રીતે પૂછ્યું કે આ રેતીનો સંગ્રહ શા માટે ?! એમણે કહ્યું કે આયખુ પુરું થતા, અંતિમ સમયે સગાસંબંધી કે સ્નેહીના અચેતન (નિષ્પ્રાણ) શરીરને આ રેતી, ચંદન તથા ગંગાજળ પાણીમાં મિલાવીને સ્નાન કરાવું છું, પછી એની અંતિમ યાત્રા શરૂ થાય છે. આવા અંતિમ સમયની વજારો યાત્રાઓ મેં કરાવી છે અને એટલે જ મને અંત સમયે મહાપ્રયાણ કરવું વસમું નહીં લાગે.

પર વર્ષથી રૂદ્રાક્ષ સાથે નેહ-નાતો ધરાવતા સુંદરજીભાઈ મા કાલિકા અને મા આશાપુરાના પરમ ભક્ત છે. તેઓએ અત્યાર સુધીમાં ૧૧૪ વખત હરિદ્વાર અને ૫૦ વખત નેપાળનો પ્રવાસ ખેડ્યો છે. હિમાલય સહિત ભારતભ્રમણ પણ કરેલું છે. ૧૯૭૨માં ગોરખપુરના મહંતના સહયોગથી સુંદરજીભાઈએ નેપાળના મહારાજા વિરેન્દ્રસિંહજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમણે કચ્છના સુવિખ્યાત સુડી-ચપ્પુનો સેટ મહારાજાને ભેટ આપ્યો હતો. એ ટાંકણે રાજા વિરેન્દ્રસિંહજીએ સુંદરજીભાઈને ૧ મુખી રૂદ્રાક્ષનો પારો શંકર ભગવાનના લિંગ પરથી ઉતારીને બક્ષીસ રૂપે આપ્યો હતો. એ સમયે રાજા વિરેન્દ્રસિંહજીના માતુશ્રી અને કચ્છના મહારાવ ખેંગારજી બાવાની દિકરી સાથે સુંદરજીભાઈએ કચ્છીમાં વાતચીત કરીને એમના ક્ષેમકુશળ પૂછ્યા હતા. કચ્છીબોલી સાંભળીને મહારાણી ભાવવિભોર બન્યા હતા.

ચડતી-પડતીના સાક્ષી સુંદરજીભાઈએ એમના આયખા દરમ્યાન ચાર વિનાશકારી ભૂકંપો જોયા છે. તેઓ સારા ફોટોગ્રાફર પણ છે. તેઓએ સારા નરસા પ્રસંગોના અસંખ્ય ફોટો આલમ્બ પણ સંભાળપૂર્વક સાચવ્યા છે. ૨૫ વર્ષથી યાશીકા એમનો પ્રિય કેમેરો છે. સુવિખ્યાત ફોટોગ્રાફર સ્વ. એલ.એમ. પોમલનાં તેઓ સાથી મિત્ર રહ્યા છે અને ફોટોગ્રાફી પણ એમણે પોમલ પાસેથી શીખી છે. મનમોજી અને બિન્દાસ એવા સુંદરજીભાઈ એક જમાનામાં દેશી બીડીના જબરા ચાહક હતા.

તત્કાલીન ન્યાયાધીશ ઠાકરશીભાઈ કંસારા (કચ્છ મિત્રના મેનેજર શૈલેશભાઈ કંસારાના દાદા અને 'જ્ઞાતિસેતુ'ના તંત્રી હંસરાજભાઈ કંસારાના પિતાજીશ્રી જેઓ દરરોજ કોર્ટમાંથી સાંજે વળતા હોય ત્યારે નમસ્તે કરે, જજ સાહેબ એનો સાદર સ્વીકાર કરે.



૨૦૧૦ એમના ધર્મપત્ની બિમાર પડયાં સુંદરજીભાઈ એમની માંદગી પરથી એમની વસમી વિદાય વેળાનો અણસાર આવી ગયેલ હતો. એ માટે એમણે આગોતરા આયોજનની પણ તૈયારી રાખી હતી. અને જરૂરી એવા ચૂંદડી, બંગડી, ચાંદલો વિગેરે હાથવગા રાખ્યા હતા. ૨૦૧૨માં એમનાં ધર્મપત્ની સવિતાબેનનું દુઃખદ અવસાન થતાં. આ અલગારી જીવે એને વસમી વિદાય આપી હતી. ત્યારબાદ એમના અસ્થિ હરિદ્વારથી દૂર ૧૨૦ કિમી. દૂર આવેલા દેવપ્રયાગ (હિમાલય) ખાતે ત્રિવેણી સંગમમાં પધરાવ્યા હતા. તેઓ નિત્ય પ્રભાતે હસતા મુખે ભગવાનની સાથે એમના ધર્મપત્નીની પૂજા કરે છે. જે ફ્રેમની અંદર ફોટાને તેઓએ મંગળસૂત્ર સહિત સોનાના દાગીના પહેરાવ્યા છે. જે એમનો ધર્મપત્ની પ્રત્યેનો અનોખો ભાવ-લગાવ દર્શાવે છે.

સુંદરજીભાઈ ફરીથી સ્મશાન વિષે વાત માંડતા કહે છે કે હું ૧૩ વર્ષનો હતો ત્યારથી સ્મશાનમાં જાઉં છું. એટલે સ્મશાન મને ઘર જેવું લાગે. આ એક મારો અનોખો શોખ કહો કે જે કહો તે મને ખબર પડે એટલે બધાથી પહેલા હું સ્મશાને પહોંચી

જાઉં પછી ગમે તે વ્યક્તિ હોય. ચિતા પર લાકડા ગોઠવવાની મને જબરી ફાવટ, અગ્નિદાહ દેવડાવતાં પહેલા હું કાશી વિશ્વનાથ મહાદેવનું સ્મરણ કરું છું. ત્રીજા દિવસે પાછો હું સ્મશાનમાં જઈને અસ્થિ કરવા (ટાઢી ઠારવી) નું કામ કરું છું આમ મને સ્મશાનનો સથવારો બહુ ગમે.

મુખ્યવાન અને દુર્લભ એવા રૂદ્રાક્ષના પારાઓના સંગ્રાહક અને રૂદ્રાક્ષ તુલસી વિગેરે માળાઓના વેપારી સુંદરજીભાઈ દરરોજ સવારે ૫-૩૦ કલાકે જાગીને પ્રથમ થોડું ગંગાજળ પીએ, પછી જ પ્રાતઃ કર્મથી પરવારી દૈનમદિન ક્રિયાઓમાં વ્યસ્ત મસ્ત બની જાય. વિવિધ નામ ધારી એવા સુંદરજીભાઈની આગવી ઓળખન 'સુંદર ભેળવાલા' ૨૦ વર્ષ સુધી એમણે ધર્મપત્નીના સહકારથી ભેળનો ધંધો કર્યો, એ જમાનામાં એમની ભેળ બહુ વખણાતી.

સુંદરજીભાઈને વાત-વાતમાં એમના અભ્યાસ વિશે પૂછ્યું તો કહે કે, ... (ગુજરાતી ધો. ૪થું માંડ-માંડ પાસ) આવા તડ ને ફડ અને આખા બોલા સુંદરજીભાઈ નિવૃત્તિમાં આજે પણ પ્રવૃત્તિમય જીવન ગાળે છે. સદાય સાયકલના સંગાથી અને તન, મન અને મિજાજથી મોજમાં રહેતા સદાબહાર સુંદરજીભાઈ આજે પણ સાડા બાવીસના જ ભાસે છે. માટે જ આવા અનોખા આદમીને જોઈને કોઈ કવિએ ગાયું હશે

મોજમાં રહેવું, મોજમાં રહેવું, મોજમાં રહેવું રે...
આઠે પહોર અલખધણીની ખોજમાં રહેવું રે... મોજમાં...
છે ને અલગારી આત્માની અનોખી દાસ્તાન...



| | | |
|---|---|---|
| Name | : | Milan |
| Date of Birth | : | 17th July, 1988 |
| Time & Place of Birth | : | 11:00 am at Ahmedabad |
| Address : | : | D -002 Abhiyan apartment Opp. AUDA Garden,<br>Nr Cambay Hotel, Thaltej SG Highway,<br>Ahmedabad, Gujarat - 380054 |
| Father | : | Mr. Rohit Narshibhai Soni (Sakariya) |
| Mother | : | Mrs. Bhavna Rohitbhai Soni (House Wife) |
| Brother | : | One (younger), Studying BCom (Last Sem) & working with Sterling Holiday Resorts as CRC lead. |
| Father's Occupation | : | Job |
| Contact Details | : | 9904771476, 9924039077 (Rohit Soni) |
| Family Background | : | Narshibhai N Soni (Grand Father)<br>Zaverben N Soni (Grand Mother)<br>Kanubhai N Bijlani (Mama) - Ahmedabad, Gujarat<br>Hasmukhbhai N Rijlani (Mama) - Ahmedabad, Gujarat |
| **Personal Details** | | |
| Height | : | 5'4 |
| Weight | : | 63 kg. |
| Hobbies | : | Driving, Listening Music, Surfing Internet. |
| Education | > | Done Graduation in BCA from Gujarat University.<br>Persuing MCA from IGNOU. |
| | > | Completed Hardware & Networking Course (A+, N+, RHCE, CCNA, MCSA, CWNA, Checkpoint, Sun Solaris, and Oracle). |
| Occupation | : | Current - Assistant Manager, Media Industry Content Dept.<br>SNL Financial (India) Pvt Ltd. - Working since 3 Years.<br>MNC Company.<br>Previous-Worked as a Network Engineer for 1.5 Years with Wireless ISP Company |

# એસીડીટી અમ્લપ્રકોપ : હોમિયોપેથી

– ડૉ. કુ. પ્રીતી વી. પોમલ

આજનો જમાનો ફાસ્ટફુડનો છે. નાના બાળકથી માંડીને વૃદ્ધોને તીખુ-મસાલેદાર વાનગી ખાવાનો ચસ્કો લાગી ગયો છે. આજના આધુનિક યુગમાં ખાવાપીવાની પદ્ધતિમાં પણ મોટા ભાગે ફેરફાર થયા છે. આજે ગલીએ ગલીએ ખાવાની રેકડી થઇ ગઇ છે. આ શોખને કારણે જ અનેક રોગ ઉત્પન્ન થાય છે. લોકો પેટની ભૂખને અવગણીને ખોરાકની સુગંધ અને તેના દેખાવતી લલચાઇ જાય છે.

મોં વાટે લીધેલ, દાંતથી ચવાયેલો નરમ ખોરાક અન્નનળી દ્વારા જઠરમાં ઠલવાય જઠરમાંથી આમ્લરસ, લિવર અને સ્વાદુપિંડમાંથી વહેતા અન્ય રસો સાથે મળી ખોરાકનું પાન કરે. આ પ્રક્રિયા અતિરેક અથવા શિથિલતા આમ્લરસને હાનિ પહોંચાડે.

ખાધા પછી છાતીમાં બળતરા થાય, પેટમાં આંટી આવે ખાટા ઓડકાર તથા ક્યારેક મોળ સાથે ખાટી ઉલટી થાય. સવારે મોઢામાં ખાટું પાણી છલકાય - 'અમ્લપ્રકોપ' અર્થાત્ હાયપર એસીડીટીથી આપણે વાકેફ છે.

તીવ્ર તાપમાં અનેક રીતે રંધાતા તીખા તળેલા મસાલાયુક્ત અને ભાતભાતના ભોજનો મુખ્ય કારણ હોય છે. સતત ચિંતા, માનસિક તણાવ, ઈર્ષાની લાગણી અને અમ્લપ્રકોપને જુગ જુગનો નાતો છે. અપૂરતી ઊંઘ, હોટલનો ખોરાક, એટલામાં અધુરુ હોય તેમ સોદો પતાવવા દારૂની મહેફિલ અને સિગારેટના ધુમાડા.૦ તમાકુ જઠર પરના આ અત્યાચારનું સીધુ પરિણામ અમ્લપિત્ત સિવાય બીજું શું હોય શકે ? આ બધાના તહેનાતમાં ખડે પગે હાજર રહેતી પત્ની સુદ્ધા 'એસિડીટી' ની ભાગીદાર બને તો નવાઈ નહિ ! પુરૂષોવડી સ્ત્રી, આજની શિક્ષિત અને વ્યવસાયી સ્ત્રીને પણ અમ્લપ્રકોપમાંથી મુક્તિ નથી મળતી.

જઠરને ઉશ્કેરતા આવા અનેક વિવિધ કારણોની પરંપરા ચાલુ રહે તો એસિડીટીનો આરંભ અંતે પેટના ચાંદાના પરિણામી શકે એટલે જ એસિડિટીને આરંભમાં જ સારવાર કરવી ડહાપણ છે. જીવનની રીતરસમાં અને રફતાર બદલાય તો ઔષધ વિનાય આરંભમાં આ બીમારી નિવારી શકાય.

આહાર નિષ્ણાતોના જણાવ્યા અનુસાર :

- દૂધ, ફળ, શાકભાજી, રેસાવાળો ખોરાક ખાવો જોઈએ.
- હળવો, બાફેલા સુપાચ્ય ખોરાક લ્યો.
- ભોજન શાંત ચિત્તે બરોબર ચાવીને ગળે ઉતારવો.
- પોલીસ કર્યા વગરના ચોખા, થૂલું ન કાઢેલા ઘઉંના લોટની રોટલી ખાવી.
- કેળા, સફરજ, પપૈયા, ગાજર જેવા ખોરાકમાં પુષ્કળ રેસા હોવાથી તે લાભદાયક છે.
- તાજો ખોરાક લેવો.
- તીખા તળેલા ફરસાણ અને મેંદા - ઘીની ભારે બનાવટો ન લેવા.
- ભૂખ્યા રહેવું નહી અને ઠાંસીને ખાવું નહિ. દિવસમાં થોડું થોડું ચાર વાર ખાઓ તોય વાંધો નહિ.
- સિગરટ-બીડીના સાથે મદિરાનેય તિલાંજલિ આપી દો.
- આ ઉપરાંત વધારે વજન હોય તેવી વ્યક્તિને પણ એસિડીટી થાય છે. તેથી શરીર સુડોળ અને સપ્રમાણ રહેવું જોઈએ.

અમ્લપિત્ત અને એના પ્રકોપમાંથી ઉદ્ભવથી વિવિધ આપત્તિઓને આવી લેતી હોમિયોપેથીમાં નેટ્રમ ફોલ, રોબિનીયા, એન્ટીમની ક્રુડ, કાર્બોવેજ, મેગ્નેશિયા કાર્બ, ઈએશીયા વગેરે દવાઓ રાહત આપે છે. રોગ અને દવાના વિશિષ્ટ લક્ષણોની સમાનતા જેટલી ઘનિષ્ઠ - Similimum તેટલી જ ચિકિત્સાની સાર્થકતા ઉપર જણાવેલી બધી દવાઓ વ્યક્તિગત લક્ષણો અનુસાર નિષ્ણાંત ડોક્ટરની હેઠળ લેવી.

From : CONSULTANT HOMEOPATH
Dr. (Mrs.) Preeti Vishal Pomal,
Thane (W) (M) 09221932537
Email : preetivpomal@gmail.com

## ભૂલ સુધારણા

★ ગતાંકમાં **પ્રિતી પોમલ-થાણે** ના સ્થાને પ્રિતી પોમલ-ભુજ છપાયેલ.

શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ

૧. **અભિષેક મનુભાઈ સોની, તલોદ**
વર્ષ-૨૦૧૨-૧૩ E.C. (Sem-5) SPI-6.3
સારા માર્કથી ઉત્તીર્ણ થયેલ છે.



૨. **ધર્મેન્દ્રભાઈ ભાઈલાલભાઈ સોની**
મંત્રી તરીકે તેમનો ફોટો સેતુના સાબરકાંઠા મંડળ વિશેષાંકમાં આપવાનો રહી ગયેલ હતો.

– પ્રેષક : નરેન્દ્રભાઈ સોની

**રજી. નં. ૧૧૯ : યુવક :** અટક : બારમેડા, ઉ.વ. ૨૬, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૬, વજન-૭૩ કિલો, વ્યવસાય - નોકરી, માસિક આવક : ૧૩,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૦ : યુવક :** અટક : બુદ્ધભટ્ટી, ઉ.વ. ૪૮, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૮, વજન-૬૨ કિલો, વ્યવસાય - વાસણની દુકાન, માસિક આવક : ૧૭,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૧ : યુવક :** અટક : બારમેડા, ઉ.વ. ૩૬, અભ્યાસ-૫ પાસ, ઊંચાઈ-૫.૬, વજન-૬૦ કિલો, વ્યવસાય - ફરસાણની દુકાન, માસિક આવક : ૬,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૨ : યુવક :** અટક : બારમેડા, ઉ.વ. ૩૦, અભ્યાસ-૭ પાસ, ઊંચાઈ-૫.૦, વજન-૭૦ કિલો, વ્યવસાય - પાનનો ગલ્લો, માસિક આવક : ૧૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૩ : યુવક :** અટક : સાકરીયા, ઉ.વ. ૨૬, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૪, વજન-૮૦ કિલો, વ્યવસાય - વેપાર, માસિક આવક : ૧૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૪ : યુવક :** અટક : બારમેડા, ઉ.વ. ૩૧, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૫, વજન-૬૫ કિલો, વ્યવસાય - ઈલેક્ટ્રીશીયન, માસિક આવક : ૧૦,૦૦૦, કુંવારા શારીરિક ખોડ : (ફીટ વાઈ) એક વાર આવ્યા પછી નથી આવી દવા ચાલુ

**રજી. નં. ૧૨૫ : યુવક :** અટક : પોમલ, ઉ.વ. ૪૮, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૦, વજન-૫૫ કિલો, વ્યવસાય - નોકરી, માસિક આવક : ૫,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૬ : યુવક :** અટક : બગ્ગા, ઉ.વ. ૨૭, અભ્યાસ-M.A. Part-2 ઊંચાઈ-૫.૫, વજન-૫૮ કિલો, વ્યવસાય - નોકરી, માસિક આવક : ૧૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૭ : યુવક :** અટક : હેડાઉ, ઉ.વ. ૨૭, અભ્યાસ-૯ પાસ, ઊંચાઈ-૫.૫, વજન-૬૦ કિલો, વ્યવસાય - ટુ વ્હિલર ગેરેજ, માસિક આવક : ૧૦,૦૦૦, છુટાછેડા

**રજી. નં. ૧૨૮ : યુવક :** અટક : બારમેડા, ઉ.વ. ૩૧, અભ્યાસ-૯ પાસ, ઊંચાઈ-૫.૧૧, વજન-૫૮ કિલો, વ્યવસાય - કન્સ્ટ્રક્શન, માસિક આવક : ૨૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૨૯ : યુવક :** અટક : સોલંકી, ઉ.વ. ૩૨, અભ્યાસ-બી.કોમ.સીએ. (ઈન્ટર), ઊંચાઈ-૫.૧૧, વજન-૮૦ કિલો, વ્યવસાય - નોકરી, માસિક આવક : ૧૪,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૩૦ : યુવક :** અટક : સોલંકી, ઉ.વ. ૪૯, અભ્યાસ-એચ.એસ.સી., ઊંચાઈ-૫.૫, વજન-૪૮ કિલો, વ્યવસાય - સોનીકામ, માસિક આવક : ૧૨,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૩૧ : યુવક :** અટક : કટ્ટા, ઉ.વ. ૩૨, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૧૦, વજન-૫૫ કિલો, વ્યવસાય - ચાંદીકામ, માસિક આવક : ૧૫,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૩૨ : યુવક :** અટક : સોલંકી, ઉ.વ. ૩૪, અભ્યાસ-બી.કોમ.-કોમ્પ્યુટર-DCS, ઊંચાઈ-૫.૨, વજન-૫૨ કિલો, વ્યવસાય - કોમ્પ્યુટર એકાઉન્ટ, માસિક આવક : ૮,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૩૩ : યુવક :** અટક : મૈયા, ઉ.વ. ૩૦, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૪, વજન-૫૨ કિલો, વ્યવસાય - સ્ટેશનરી હોલસેલ, માસિક આવક : ૩૫,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૩૪ : યુવક :** અટક : હેડાઉ, ઉ.વ. ૩૩, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૬, વજન-૭૦ કિલો, વ્યવસાય - RO Plant, માસિક આવક : ૧૫,૦૦૦, કુંવારા, દૂધપીણા કેંસલ થયેલ છે.

**રજી. નં. ૧૩૫ : યુવતી :** અટક : પરમાર, ઉ.વ. ૪૧, અભ્યાસ-૧૦ પાસ, ઊંચાઈ-૫.૩, વજન-૫૫ કિલો, વ્યવસાય : —, માસિક આવક : —, કુંવારા

**રજી. નં. ૧૩૬ : યુવતી :** અટક : છત્રાળા, ઉ.વ. ૪૩, અભ્યાસ-સીએ, ઊંચાઈ-૫.૨, વજન- —, વ્યવસાય : —, માસિક આવક : —, કુંવારા

**રજી. નં. ૧૩૭ : યુવતી :** અટક : પોમલ, ઉ.વ. ૨૫, અભ્યાસ-M.A. B.Ed. (Eng.), ઊંચાઈ-૫.૩, વજન-૪૭ કિલો, વ્યવસાય : શિક્ષીકા, માસિક આવક : ૫,૩૦૦, કુંવારા

**રજી. નં. ૧૩૮ : યુવતી :** અટક : મચચા, ઉ.વ. ૩૪, અભ્યાસ-B.A. LL.B. (SP), ઊંચાઈ-૫.૨, વજન-૬૫ કિલો, વ્યવસાય : વકીલાત, માસિક આવક : ૧૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૩૯ : યુવતી :** અટક : બુદ્ધભટ્ટી, ઉ.વ. ૨૩, અભ્યાસ-M.Com, ઊંચાઈ-૫, વજન-૫૯ કિલો, વ્યવસાય : નોકરી, માસિક આવક : ૬૫૦૦, કુંવારા

**રજી. નં. ૧૪૦ : યુવતી :** અટક : બુદ્ધભટ્ટી, ઉ.વ. ૨૭, અભ્યાસ-B.A. LL.B., ઊંચાઈ-૫.૫, વજન-૫૨ કિલો, વ્યવસાય : નોકરી, માસિક આવક : ૧૫,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૪૧ : યુવક :** અટક : બુદ્ધભટ્ટી, ઉ.વ. ૨૭, અભ્યાસ-૯ પાસ, ઊંચાઈ-૫.૫, વજન-૬૫ કિલો, વ્યવસાય : સ્પેર પાર્ટસની દુકાન, માસિક આવક : ૨૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૪૨ : યુવક :** અટક : બારમેડા, ઉ.વ. ૩૩, અભ્યાસ-બી.કોમ., ઊંચાઈ-૫.૭, વજન-૬૮ કિલો, વ્યવસાય : ટુ વ્હીલર ગેરેજ, માસિક આવક : ૧૮,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૪૩ : યુવક :** અટક : બુદ્ધભટ્ટી, ઉ.વ. ૨૭, અભ્યાસ-એમ.કોમ., ઊંચાઈ-૧૮૬ સેમી., વજન-૬૩ કિલો, વ્યવસાય : નોકરી, માસિક આવક : ૧૦,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૪૪ : યુવક :** અટક : કોટડીયા, ઉ.વ. ૨૬, અભ્યાસ-બી.કોમ., ઊંચાઈ-૫'.૮'', વજન-૬૫ કિલો, વ્યવસાય : નોકરી, માસિક આવક : ૧૨,૦૦૦, કુંવારા, શારીરિક ખોડ - હોઠ

**રજી. નં. ૧૪૫ : યુવક :** અટક : પરમાર, ઉ.વ. ૪૨, અભ્યાસ-બી.કોમ., ઊંચાઈ-૫'.૭'', વજન-૬૬ કિલો, વ્યવસાય : નોકરી, માસિક આવક : ૪૮,૦૦૦, કુંવારા

**રજી. નં. ૧૪૬ : યુવક :** અટક : પરમાર, ઉ.વ. ૩૨, અભ્યાસ-ધો.૧૧, ઊંચાઈ-૫'.૫'', વજન-૫૮ કિલો, વ્યવસાય : બીઝનેસ (મેન્યુ.), માસિક આવક : ૧૫,૦૦૦, કુંવારા

**નોંધ :** મેરેજ બ્યુરોમાં વિગતો આપવા વડીલોને આગ્રહ ભરી વિનંતી છે. ખાસ કરીને લગ્નોચ્છુક કન્યાઓની વિગતો ઓછી આવે છે, જે મોકલવા વડીલોને ખાસ વિનંતી છે.

**શ્રી મારું કંસારા સોની જ્ઞાતિ મહામંડળ સંચાલિત મેરેજ બ્યુરો માટે**
**વિશેષ સંપર્ક : શ્રીમતી લત્તાબેન સોલંકી, અંજારીયા ફળિયા, ભુજ-કચ્છ. મો. ૯૭૨૫૩ ૨૦૪૪૪**

**જાણો અને માણો**

## શું તમે જાણો છો કે ?

**સંકલન : ગીતા શિશિર હેડાઉ-ભુજ**

● તાજેતરમાં જર્મનીમાં એક સ્થળેથી મળી આવેલા કાચબાના શરીરના નવ જુદા જુદા અવયવના અસ્મિ સાડા ચાર કરોડ વર્ષથીયે વધુ જુના હોવાનું સાબિત થયું છે જે એક વિક્રમ છે.

● માર્સ-૫૦૦ નામના અવકાશ કાર્યક્રમ અંતર્ગત યુરોપિયન સ્પેસ એજન્સીએ ભવિષ્યમાં મંગળ પર જનારા છ અવકાશીને જૂનથી નવેમ્બર-૨૦૧૧ વચ્ચે પાંચ મહિના સુધી સૂર્યપ્રકાશ વિનાના વાતાવરણમાં રહેવાની તાલીમ આપી હતી.

● ડરમેટોગ્લાયફિક્સ શબ્દને અંગ્રેજીમાં લખવા માટે ૧૫ શબ્દ લખવા પડે આ સબ્દ અંગ્રેજી ભાષાનો સૌથી લાંબો એવો શબ્દ છે જેનો એકેય અક્ષર બે વાર લખવા પડતો નથી.

● ઈન્ટરનેટ પર પુસ્તક વેચતી વેબસાઈટ એમઝોન ડોટ કોમના સ્થાપક જેફ બ્રેઝોસ અત્યારે એક એવી ઘડિયાળ નિર્માના ખર્ચ ભોગવી રહ્યા છે જે એક પર્વત કોતરીને બનાવવામાં આવી રહી છે આ ઘડિયાળના પુરજા ૨૦૦ ફુટ સુધી ઊંચા હશે એ ૧૦,૦૦૦ વર્ષ સુધી કામ કરશે.

● અમેરિકાના થિયોડોર ગ્રેએ રસાયણશાસ્ત્રમાં આવતા પિરિયોડિક ટેબલની રચના લાકડાના કોફી ટેબલ પર દેખાડીને આઈજી નોબેલ તરીકે ઓળખાતો પુરસ્કાર ૨૦૦૨માં જીત્યો હતો.

**શિક્ષણ**

## તેજસ્વી તારલા



કુ. રીના કિશોરભાઈ સોલંકી
Human Resource
માંડવી



કુ. ધારા રવજીભાઈ બારમેડા
F.Y. B.Com. 64.86%
રવાપર



વિશાલ રવજીભાઈ બારમેડા
Std. 10 87% P/R
રવાપર

# મોહ, માયા અને મમતા = જીવનરસ !!!

**મીતા સોલંકી - ભુજ**

સંસાર અસાર છે ! મોહજાળમાં ન ફસાવું ! આવી ઉક્તિઓ તમે સાધુ-સંતોના મુખેથી સાંભળી કે વાંચી હશે ! પરંતુ સાંસારીક મનુષ્યો માટે, મારા અને તમારા જેવા જીવનરસ માણતા મનુષ્યો માટે તો આ મોહ માયાની બાદબાકી કરી એ તો જીવનમાં રસ ઉત્સાહ અને ઉમંગનો ભાવ છે તે મંદ પડી જવાનો ! જીવનમાં જાણે કશું જ બાકી નતી રહેતું !!

માતાના ગર્ભથી આસક્તિની મોહમાયા ના જોડાણ થઈ જાય છે બાળક અવતરે ત્યારથી કેટકેટલા સંબંધો ના મોહપાશમાં જકડાઈ જાય છે !

માયાનગરી રૂપી દુનિયામાં પ્રવેશ બાદ તેની જાળ જીવન પર્યંત વિસ્તરેલી રહે છે.

આકર્ષણ, લાલચ, આસક્તિ, ચાહના, વાસના, ઝંખના આ બધી લાગણીઓથી જીવનરસ જળવાઈ રહે છે અને સંબંધોના વાતાવરણમાં સપડાઈને જીવન મધુર બને છે !

દરેક સંબંધનું મૂળ તો મોહમાયામાં જ અટવાયેલું છે ! સંબંધોની ગંભીરતાની એક વાત ખાસ એ છે કે તેમાં જોડાયેલી બે વ્યક્તિ વચ્ચે એક સરહદ રેખા કાયમ હોય જ છે. સંબંધ ગમે તેટલા પરિપક્વ, કલ્યાણકારી હોય પરંતુ એક ઊંચાઈ પછી બંને વ્યક્તિ એકાકી બની જાય છે (અતિપરિચિતતા !) એક હદ સુધી જ વિચાર અને લાગણી આદાનપ્રદાન કરી શકાય એ હદ પૂરી થઈ જાય પછી બંને વ્યક્તિ વચ્ચે પણ સંબંધ ટકી રહેતો હોય છે. તે છે મોહ-આસક્તિ !!

પોતાની જાત પ્રત્યે 'મોહ'નું વર્તુળ પણ ઘણું મોટું હોય છે. વિદ્યાર્થીને ફર્સ્ટ આવવાનો, સફળ વ્યક્તિ બનવાનો મોહ આદર્શ પતિ-પત્ની, પુત્ર-પુત્રી બનવાનો મોહ આ બધા મોહ પોઝિટીવ મોહ છે. અમુક લોકોને પ્રસિદ્ધિનો મોહ પ્રચંડ અવસ્થામાં હોય છે. ખ્યાતનામ બનવાનો મોહ હોય તો એ પોતાની શક્તિને યોગ્ય દિશા આપી શકે છે.

ગૃહસ્થાશ્રમમાં પરિવાર બનાવવાનો, પૈસા, સ્ટેટસનો મોહ પરાકાષ્ઠાએ હોય છે ! મોટી ગાડી, બંગલો, વિદેશના પ્રવાસો વગેરેનો મોહ જીવનને રસપ્રવૃત્તિથી તરબતર રાખે છે !

વાનપ્રસ્થાશ્રમમાં પણ પૌત્ર-પૌત્રી મોહ ક્યારેય છૂટી શકતો નથી, તેમાં કશું ખોટુંય નથી ! આખરે નાણાં કરતા વ્યાજ વ્હાલું !

અત્ર, તત્ર, સર્વત્ર માયાની જાળ ફેલાયેલી છે ! મોહ વગરનું જીવન શક્ય છે ? જ્યાં મોહ નથી ત્યાં માત્ર ત્યાગ અને વૈરાગ્ય તરફ ગતિ થાય છે. વચલો રસ્તો શું ? માત્ર સાક્ષીભાવે જે થાય છે તે જોયા કરવું ? જો ત્યાગ વૈરાગ્યથી આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત થતી હોય તો ઠીક છે બાકી તો મોહમાયાથી અલિપ્ત એવા સંત-મહંત વિરલાઓની વાત અલગ છે. જે સંસારમાં રહીને પણ જળ કમળવત બંધનોથી પર રહી શકે છે. બાકી તો જીંદગી છે ત્યાં સુધી મોહ કદી ખતમ ન થતું પ્રકરણ છે.. જય હો ! મોહ, માયા અને મમતા !!

## આઠ દસકા વટાવી ચૂકેલ સમસ્ત કંસારા સમાજના અણનમ સેવા-ભેખધારીને સલામ !

ગાડાની ધરી, વહાણનો કુવાસ્થંભ જેટલા મજબૂત અને ઊંચા તેટલું જ તેમનું ટકાઉપણું ! સમસ્ત કંસારા સમાજની સ્થાપના કાળ તથા ત્યારથી પણ આગળ કંસારા જ્ઞાતિના વિવિધ ગોળ-ઘટકના પ્રથમ એકતા પરિષદ-પાવાગઢના સાક્ષીસેવા ૮૦ વર્ષ વટાવી ચૂકેલ આપણા સૌના મુરબ્બી-માર્ગદર્શક તથા ભૂ.પૂ. પ્રમુખશ્રી હરિશચંદ્રભાઈ કંસારાને (દાદા) અંતરના ઉમળકાથી પણ સલામ કરવાનું મન થઈ જાય !

સમસ્ત કંસારા સમાજના દરેક પ્રસંગો, કાર્યક્રમોમાં તથા યુવા-પરિચય મેળામાં સતત અને અવિરત્ સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી કાર્યાલયમાં બેસીને સલાહ-સૂચન આપતા દાદાને જોઈને બધાને દોડવાનું મન થાય. તેમની સાથે મુ. શ્રી વિનુભાઈ લાલાણી, ઈશ્વરભાઈ કાણકીયા, મુકુંદભાઈ પરમાર, બાબુભાઈ કંસારા, ગુણવંતભાઈ ખાખી અને અનંતભાઈ શેઠ જેવા જૈફ વયના નિવૃત્તિ નહિ પરંતુ પ્રવૃત્તિ, માળા ભજન નહિ પરંતુ સમાજસેવાની લગન હૈયે ધરાવતા હોય તેવી સંસ્થામાં હંમેશા-સફળતા જ મળે !

યુવા પરિચય મેળાના સમારંભમાં પણ સૂચન કર્યું કે શ્રી હરિશચંદ્રભાઈની આઠ દસકાની સેવા બદલ સમસ્ત કંસારા સમાજ દ્વારા તેમનું બહુમાન કરી આપણી સૌની લાગણી વ્યક્ત કરવી જોઈએ.

**સૌજન્ય : ટાઈમ્સ ઓફ કંસારા સમાજ**

# શબ્દ બાગ-શુભારંભ

સંપાદક - લતા સોલંકી-ભુજ

વસંતના આગમન સાથે જ વાસંતી ફૂલોની વર્ષા થઈ 'શબ્દબાગ'માં શબ્દ-ચિત્રોની વર્ષા થઈ. ભઈ વર્ષા થઈ, મજા થઈ ભઈ મજા થઈ, 'શબ્દબાગ'ના 'માલી'ને ધન્યવાદ. **— મુખ્યતંત્રી**


યા દેવી સર્વભૂતેષુ વિદ્યા રૂપેણ સંસ્થિતા ।

નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ ॥


વસંત પંચમી એટલે માતા સરસ્વતીની પૂજા અર્ચનાનો પરમ પવિત્ર દિવસ.

ચંદનબેનને સરસ્વતી વંદના કરી માતાજીના ચરણોમાં પુષ્પ ચડાવવા છે તમે પણ મંદિર સુધીનો રસ્તો શોધી તમે પણ પૂજન વંદનમાં જોડાઓ.

## રસ્તો શોધો



## તફાવત શોધો



## કહેવતો પુરી કરો

૧. રામ રાખે ....................

૨. હાથના કર્યા ....................

૩. ખાડો ખોદે ....................

૪. હસે તેના ....................

## તારીખ જણાવો

૧. બાલ દિવસ ....................

૨. પ્રજાસત્તાક દિવસ ....................

૩. મકરસંક્રાંતિ ....................


૪. ગાંધી જયંતિ ....................

## ભારતનું નવું યુદ્ધવિમાન તેજસ


તેજસ યુદ્ધવિમાન ભારતમાં જ બનેલું છે. આ સ્વદેશી વિમાન પૂંછડી વિનાનું વિમાન છે. એની બીજી ખાસિયતો પણ જાણો. ● યુદ્ધવિમાન હોવાથી માત્ર એક જ બેઠક ● ૧૩.૨૦ મીટર લંબાઈ ● પાંખોનો ઘેરાવો ૮.૨૦ મીટર ● ઊંચાઈ - ૪.૪૦ મીટર ● ખાલી વિમાનનું વજન : ૬૫૦૦ કિલો ● માલ સામાન સાથેનું વજન : ૯૫૦૦ કિલો ● એક ટર્બોફેન વડે ચાલે છે. ● ઇંધણની ક્ષમતા : ૨૪૫૮ કિલો ● ઊડાનની ઝડપ આકાશમાં વધુ ઊંચાઈએ કલાકના ૧૩૫૦ કિ.મી. ● ૮૫૦ કિમી. દૂરથી હુમલો કરી શકે. ● GLH ૨૩ તોપ જેમાં ૨૨૦ રાઉન્ડની ક્ષમતા

## પ્રભાત ફેરીમાં જઈએ


આજે છે પ્રજાસત્તાક દિવસ
ચાલો રાષ્ટ્રધ્વજ લઈને
પ્રભાત ફેરીમાં જઈએ
ભારત મારો દેશ છે
જાનથી વહાલો દેશ છે
ખૂબ ગર્વથી ગાઈએ
પ્રભાત ફેરીમાં જઈએ
કેસરી રંગ ત્યાગ વીરતાનો
શ્વેત અમન શાંતિનો
લીલો હરિયાળીનો ધ્વજ
આકાશે ફરકાવીએ
પ્રભાત ફેરીમાં જઈએ
ઊંચ નીચના ભેદ ન રાખીએ
આપણ સૌનું સહિયારું કહી
સંપ સલાહથી રહીએ
પ્રભાત ફેરીમાં જઈએ
કદી ન કરીએ લડાઈ ઝઘડા
અમન શાંતિથી જીવીને
સહુને જીવવા દઈએ
પ્રભાત ફેરીમાં જઈએ
જીવથી વ્હાલા તિરંગાને
શાનથી નીરખતા
સો સો સલામો ભરીએ
પ્રભાત ફેરીમાં જઈએ
આજે છે પ્રજાસત્તાક દિવસ
પ્રભાત ફેરીમાં જઈએ




**ધ્રુવ વિનોદભાઈ બીજલાણી ધો. ૬**



**હસ્તી નરેશભાઈ બુદ્ધભટ્ટી**
**ધો. ૭ સ્કુલ : માતૃછાયા કન્યા વિદ્યાલય**




**સ્મીત નરેશભાઈ બુદ્ધભટ્ટી ધો. ૫ સ્કુલ : સંસ્કાર**



**હર્ષવી સંજયભાઈ બુદ્ધભટ્ટી**

**જિંદગી જિંદગી**

# જિંદગી એક મોબાઈલ

**અરવિંદ સોમૈયા-નખત્રાણા**

આ જિંદગી પણ એક 'Mobile' છે. દરેક વ્યક્તિ પોતપોતાની વર્ષોરૂપી 'validity' પ્રમાણે તેનો ઉપયોગ કરતા રહે છે. પણ મિત્રો, આ જીવનરૂપી 'Mobile' ની શરીરરૂપી Battery દિવસો દિવસ ઉતરતી જાય છે. તેને વારંવાર charge કરવી પડે છે ખરું ને ! કોઈ ગોળી દ્વારા તો કોઈ ઈન્જેક્શન દ્વારા તો કોઈ વળી ડાયાબિટીસ દ્વારા એને ચાર્જ કરાવતા રહે છે.

પણ મિત્રો, બેટરી ઉતરવાની સાથો સાથ આપણી વર્ષોરૂપી 'Validity' પણ ઓછી થતી જાય છે અને ચાલીસ પચાસે પહોંચ્યા એટલે મુસીબત ના 'Miss Call' પણ આવવાના ચાલુ થઈ જાય છે. છતાંય આપણે તો નથી 'Miss call' ને ધ્યાનમાં લેતા કે નથી 'Message' ને ધ્યાને લેતા. 'Message' તો ઘણી વાર વાંચીને (ઈલાજ કરાવીને) ડો. પાસે જઈ. 'Delete' પણ કરાવી નાંખીએ છીએ. (ગોળી-ઈન્જેક્શન લઈને) 'Miss call' કરનાર નો આશય એ હોય છે કે કોઈક આપણને કોઈ કારણવશ યાદ કરે છે. પણ આપણે કર્મરૂપી 'call' કરવાનું ટાળીએ છીએ. કારણકે કોલ કરવા જતાં 'Balance' વપરાઈ જવાનો ડર હોય છે. પણ મિત્રો મારે તમને અગત્યની વાત એ કરવાની છે કે 'Validity' પૂરી થાય એ પહેલાં સત્ કર્મરૂપી 'Balance' ને વાપરી નાખજો. કેમ કે નહીં તો આ 'ઉપરવાળી' 'Company' ના કાયદા બહુ જ કડક છે અને એ તો આપ જાણો જ છો કે 'Validity' પુરી થયા પછી 'Balance' પણ કટ થઈ જાય છે. પછી તો 'Recharge' (નવો જન્મ) થાય ત્યારની વાત ત્યારે કેમ કે પછી તો આપણા આ 'Mobile' ને નવું 'Card' મળશે ત્યારે એના 'Number' પણ બદલી જશે. એટલે કે આપણો નવો જન્મ માનવનો હશે કે પશુ-પક્ષીનો એ પણ આપણે જાણતા નથી.

પણ ટૂંકમાં મિત્રો, મારો કહેવાનો આશય એ જ છે કે જો મુસીબતમાં 'Miss Call' આવવાના ચાલુ થઈ ગયા હોય અને માંદગીરૂપી 'Message' પણ જો આવવાના ચાલુ થઈ ગયા હોય તો 'Balance' ને વાપરવામાં જલ્દી કરજો. પછી ભલેને એ બેગમાં હોય કે બેન્કમાં હોય એનો સદ્ ઉપયોગ કરી લેજો.

હા, મિત્રો, આજે મોબાઈલ એક જરૂરિયાતનું સાધન બની ચૂક્યું છે. એક ઉપયોગી ઉપકરણમાં એની ગણના થવા લાગી છે. પણ એનો ઉપયોગ વિવેકપૂર્ણ થાય તો જ એ યોગ્ય ગણાય. આજે આપણે ઉઠતાં, બેસતાં, ચાલતાં અરે વાહન ચલાવતી વખતે પણ મોબાઈલથી વાતો કરવાનું છોડતા નથી. અને હદ તો ત્યાં થાય છે કેટલાક લોકો તો હવે મોબાઈલ સ્મશાનમાં, કોઈની પ્રાર્થના સભામાં અરે કેટલાક તો લેટ્રીન જતી વખતે પણ મોબાઈલને સાથે લઈ જતા હોય છે કેમ જાણે કોઈનો કોલ રિસીવ નહીં થાય તો લાખોની નુકશાની ન આવી જવાની હોય !! તો કેટલીક યુવતીઓ મોબાઈલ ના 'કવરેજ ક્ષેત્રની બહાર' પણ થવા લાગી છે. જેની ગંભીર પરિણામો આવવાના શરૂ થઈ ગયા છે. પલભર પણ આપણને મોબાઈલથી દૂર થવું ગમતું નથી. માવિત્રો સાથે નહીં હોય તો ચાલસે પણ મોબાઈલ સાથે નહી હોય તો નહીં ચાલે. ત્યારે કહેવાનું મન થાય છે કે જેટલો સમય તમે મોબાઈલની સાથે હો હવે એનાથી ભલે અડધો સમય જ જો માવિત્રોની સાથે વિતાવશો ને તો તો તમારું કલ્યાણ થઈ જશે.

તો કાલથી જ મિત્રો નોંધ રાખવાનું ચાલુ કરો કે... કેટલો સમય મોબાઈલની સાથે રહ્યા ? કેટલો સમય માવિત્રોની સાથે રહ્યા ? કેટલો સમય મહાદેવની સાથે રહ્યા ? ચોંકી જવાયું ને ?

**જીવનનાં મૂલ્યો**

# પતિ, વડીલ અને પૈસાનું મૂલ્ય સમજીએ

**લત્તા આર. સોની-ભુજ**

લગ્ન ભલે નારી માટે પરિવર્તન હોય પતિ માટે પણ એ એટલા જ પરિવર્તન હોય છે એને એની પત્ની, આવનાર બાળક પારિવારિક વ્યાહારિક જવાબદારી નથી હોતી ? આવી મોંઘવારીમાં સંતાનની જવાબદારી એટલે નાની વાત તો નથી ને ! એટલે આપણે પૈસાનું મૂલ્ય સમજીએ. આડેધડ વાપરવા દેખાદેખી કરવી પોતાનો સ્વાર્થ જોવો એ પુરતું નથી.

સહેલી ભલે પૈસાદાર હોય અને ૫૦૦૦ વાળી સાડી પહેરી એટલે હું એનાથી વધુ મોંઘી પહેરું એવી મોટાઈ બતાવી શાને ! આપણે ૫૦૦ વાળી સાડી પહેરશું તો એનાથી વધુ સારા લાગશું એવા વિશ્વાસથી તૈયાર થાવ. કુદરતે ચહેરો દીધો છે એ બદલાશે થોડો ? જેવા હશું તેવા લાગશું મોંઘી સાડી પહેરશું તો જ સારા લાગશું એવું નથી.

વડીલનું મૂલ્ય સમજીએ એમને આપણને ઠપકો આપ્યો, એટલે હું એના પાસે જઈશ નહી, બોલાવીશ નહી, એવા વિચાર છોડી દો. વડીલ વઢે તો શું થયું ! આપણી જ્યારે એ કદર કરે છે ત્યારે આપણે એમ થાય છે કે મેં આખી દુનિયા જીતી લીધી છે. એ હતા ત્યારે તમે આ ઘરમાં આવ્યા એવો વિચાર કરો. એનો દિકરો (તમારો પતિ) જ્યારે એને તમારી સાથે લગ્ન કર્યા હશે ત્યારે એને કેટલાય સ્વપ્ન જોયા હશે. કેવળ તમારા સ્વપ્ન પુરતા નથી. એટલે પતિ વડીલ અને પૈસાનું મૂલ્ય સમજીએ તો એક આદર્શ નારી બની શકીએ.

કવિતા

## કાવ્યનું રસાસ્વાદ

– અરવિંદ સોમૈયા-નખત્રાણા

મેં એ કવિને પૂછ્યું,
કવિ કેમ થવાય ?
તો એણે ચોધાર વહેતા આંસુડે
મારી સામે હસ્યા કર્યું.

– કુ. પ્રિન્સી સોની 'મીરા'

કવિની કલમે જ્યારે મુખેથી વાહ અને અંતરથી આહ બોલાઈ જાય એવી કોઈ પંક્તિ કે શેર સાંભળીને લોકો નવાઈને આશ્ચર્યના ભાવો સાથે કહેતા હોય છે કે કવિ આવું કેમ લખી શકતા હશે ? કવયિત્રી 'મીરા'નો પણ એજ સવાલ છે કે કવિ કેમ થવાય ?

દિલને બદલે દિમાગથી કામ લેનારને પ્રથમ દૃષ્ટિએ એવું જ લાગે કે આંખે ચોધાર આંસુ છે ને છતાં હોઠે હાસ્ય ? આવું બને જ કેમ ?

'હોઠ રડ્યા હશેને આંખ હસી હશે,'
ગઝલ ગમની ત્યારે લખાઈ હશે.

હા, એવું બને ખરું કે ખડખડાટ હસ્યા પછી આંખે હર્ષના આંસુ આવે પણ કવયિત્રીએ અહીં પહેલાં ચોધાર આસું વહાવતા કવિને કવિ કેમ થવાયના જવાબમાં હસતા બતાવ્યા છે. અહીં જ કવયિત્રીની કાબેલિયતનો આપણને પરિચય થાય છે.

ઓશો રજનીશ કહે છે, 'જીવન મેં જો ભી સત્ય હૈ, સુંદર હૈ ઉસે કહેના સદા હી કઠીન હૈ, લેકીન અનહદે મેં ભી બહોત કુછ કહ દિયા જાતા હૈ મૌન કી ભી અપની એક ભાષા હોતી હૈ ઔર સારી ભાષાઓં સે જ્યાદા સમર્થ'

કવયિત્રી 'મીરા' એ પણ અહીં કવિ કેમ થવાય ? ના જવાબમાં મૌનની ભાષાનો સહારો લઈ જે જવાબ આપ્યો છે એ જવાબ લાજવાબ છે.

કવયિત્રી લખે છે,
એમણે ચોધાર આંસુડે -
મારી સામે હસ્યા કર્યું.

આંખમાં આંસુ છે કારણ દુઃખ, દર્દ, યાતના, સિતમ, આઘાત, પ્રત્યાઘાત, યુગોથી ન બુઝાયેલી પ્યાસ લઈને કવિ જન્મતો હોય છે કવયિત્રીનો કહેવાનો આશય પણ એ જ છે કે કવિ બનાતું નથી કવિ તો જન્મ લેતા હોય છે.

'પીડાના ક્યાં પાંચ પચ્ચીસ પેજ છે ?
દિલમાં તો દર્દ નો આખો દસ્તાવેજ છે,
અવસ્થા ભલેને એવી 'ટીનએજ' છે
પણ કવિતા લખવી એ એને સ્હેજ છે !

કવયિત્રી એમનામાં રહેલી ખૂબીને બેખૂબી રીતે રજુ કરવામાં સમર્થતા પ્રાપ્ત કરતા રહ્યા છે એમની પાસે કલમ દ્વારા 'કરામતને મરામત' કરાવવાની કાબેલિયત છે.

ઉંમર નાની છે પણ સમજ મોટી છે.

વિરાસત

## કટેશ્વર (સિયોત) અને તેની ગુફા

પી. જી. સોની 'દાસ'

અગાઉના બે અંકોમાં આપણે કચ્છની અમોલ વિરાસત - શિલ્પ સ્થાપત્ય જિલ્લા માહિતી કચેરી ભુજ દ્વારા સંપાદિત નારાયણ સરોવર - કોટેશ્વર તથા ઐતિહાસિક કિલ્લાની નગરી લખપતની યાત્રા આપે ફોટોગ્રાફ્સ સાથે માણી...

હવે આપણા સેતુના આ અંકમાં કટેશ્વર (સિયોત તા. લખપત) અને તેની ગુફા વિશે વધુ જાણીએ...

કચ્છના અનેક તીર્થ સ્થાનોમાં લખપત તાલુકામાં આવેલું કટેશ્વર પણ એક પૌરાણિક તીર્થધામ છે. સિયોન ગામની નજીક જંગલમાં નદીના કિનારે અને ડુંગરની તળેટીમાં આ સ્થાન આવેલું છે. અહીં મહાદેવ અને કાલિકા માતાજીનું સુંદર મંદિર અને પાણીનાં કુંડ છે. આ સ્થાન એક સમયે વાઘમ ચાવડાની રાજધાની હતું. તે મહાદેવનો પરમ ભક્ત હતો. તેની હત્યા કરીને તેના ભત્રીજા મોડ અને મનાઈએ કટેશ્વરનો કબજો લીધો અને પાછળથી આ બંને મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

કટેશ્વરમાં આવેલ ચમત્કારીક કુંડ પાછળ એક દંતકથા છુપાયેલી છે. કહેવાય છે કે વનવાસ દરમ્યાન પાંડવો અહીં આવ્યા હતા અને ભીમ આ કુંડનું નિર્માણ કર્યું છે. આસપાસનાં ગામના લોકો આ સ્થાનકે મરણોત્તર ક્રિયા માટે આવે છે. દર શ્રાવણની અમાસે તથા આસો સુદ ૧૪નાં દિવસે અહીં મેળો ભરાય છે. આ સ્થાન ભુજથી ૧૨૫ કિમી. દૂર છે.

પુરાતત્વની દ્રષ્ટિએ મહત્વની કહી શકાય એવી સિયોત ગામ પાસે આવેલી કટેશ્વરની ગુફાઓમાંથી ૧૯૯૦ના અરસામાં હજારોની સંખ્યામાં કાચી માટીની બૌદ્ધ ગુફાઓ મળી આવી છે. જે કચ્છમાં બૌદ્ધ ધર્મના ફેલાવાના પુરતા પ્રમાણો આપે છે. આ મુદ્દાઓ પૈકી બે મુદ્દાઓ ભુજમાં કચ્છ મ્યુઝિયમમાં નિહાળી શકાય છે.

આવતા અંકમાં આપણે માતાના મઢ - મા આશાપુરાના દર્શન કરીશું.

## સૂચન

**સોની મહેશકુમાર તુલસીદાસ-અંજાર**

તા. ૮-૧૨-૨૦૧૩ને રવિવારના રોજ ભુજ મધ્યે સમૂહ લગ્નનું આયોજન ખૂબ જ સુંદર હતું. દર વર્ષની તુલનાએ આ વખતે લગ્નની સંખ્યામાં ઘટાડો જોવા મળેલ. સમાજને ટકાવી રાખવા લગ્ન પરંપરા જરૂરી છે. જલ્દીથી નવા-નવા સંબંધો બંધાય અને સમાજ આગળ વધે ખૂબ જ હોશભેર થયેલા લગ્નમાં ક્યારેય તિરાડ પડે ત્યારે ?

મારે જે વાત કરવી છે તે લગ્ન સંબંધના પ્રશ્નોના કોઈ વ્યક્તિ સમાધાન કરાવતું નથી. સંબંધો બાંધવા લોકો આગળ આવે છે પણ પ્રશ્નના નિકાલમાં આગળ આવતા નથી. છેલ્લા ૩-૪ વર્ષથી આપણા સમાજમાં લગ્નની સમસ્યા ખૂબજ વકરી છે. પતિ-પત્નીના જિંદગીના દિવસો જઈ રહ્યા છે નિવારણ થતું જ નથી. પરિણામે સમાજમાં સુખ-શાંતિ અનિવાર્ય રહી છે. જેનો ઉકેલ જરૂરી છે લોકોને સમાજના કાર્યકર્તા પાસે અપેક્ષા છે.

થોડા સમય પહેલા અંજાર મધ્યે લગ્ન વિચ્છેદ અંગે મિટીંગ મળી. પણ માત્રને માત્ર વાતો જ થઈ. આજ સુધી નક્કર કામગીરી થઈ નથી. જેમ બને તેમ ઝડપી લગ્નની સમસ્યા અંગે કામગીરી થવી જોઈએ ક્યારેક ન છૂટકે સમાજના લોકોને કોર્ટનો આશરો લેવો પડે છે, નિર્ણય આવતો નથી, આપણા સમાજનો પૈસો વેડફાય છે, ક્યારેક યોગ્ય ન્યાય ન થવાથી યુવાનો અને યુવતીઓ અંતિમ પગલું ભરી લે છે. આનાથી ખરાબ બીજું શું હોઈ શકે ?

લગ્નની સમસ્યામાં વાત કરું તો એક કેસમાં એવું છે વીસેક વર્ષથી પતિ-પત્ની વચ્ચે સમાધાન થયું નહીં આજે તેમની દિકરી રડતે આંસુએ પૂછે છે. મારું કોણ ? મારો શું વાંક. આવી સમસ્યામાંથી વિચારીને લગ્ન સમસ્યા અંગેની કામગીરી ઝડપથી થવી જોઈએ. કંઈ અયોગ્ય લખાયું હોય તો ક્ષમા માંગું છું.

## પ્રતિભાવો

● આપના દ્વારા ચલાવાતા 'જ્ઞાતિ સેતુ' ને જોઈ ખુશી થઈ. ઈતર જ્ઞાતિના સર્જકોને પણ સ્થાન આપવાનું આપનું પગલું અનુકરણીય છે. 'જ્ઞાતિ સેતુ' દરેક જ્ઞાતિઓ માટે 'સેતુ' પુરવાર થશે એવું અંક જોઈ લાગે છે.

આ સાથ હું પણ મારી કેટલીક કૃતિ ફોટા સાથે 'જ્ઞાતિ સેતુ' માટે મોકલી રહ્યો છું. યોગ્ય જણાય તો સ્થાન આપી ઉત્સાહિત કરશો. હા, કૃતિ પ્રગટ થાય એ અંક મને મોકલી આપવા આગ્રહભરી વિનંતી છે.

લગભગ બે દાયકાથી પણ વધુ સમયથી હું સાહિત્ય સર્જન કરું છું. કાવ્ય-લઘુકથા-ગીત-હાઈકુ-તાન્કા વિગેરે... ઘણી સ્પર્ધાઓમાં ૧ થી ૩ નંબરે વિજેતા પણ થતો રહ્યો છું. આકાશવાણી ભુજ પરથી પણ કાવ્યપઠનના કાર્યક્રમો આપી ચૂક્યો છું. તો ગુજરાત-મુંબઈ-કચ્છ વગેરે જગ્યાએથી પ્રગટ થતા સામયિકો-વર્તમાનપત્રોમાં રચનાઓ પ્રગટ થતી રહે છે. (જેની સંખ્યા વર્તમાનપત્રો તથા સામયિકોની ૫૦ ઉપર થઈ છે) આ વર્ષે જ મારું પ્રથમ ગુજરાતી કાવ્યસંગ્રહ 'પ્રદક્ષિણા' પણ પ્રગટ થયું છે જે આપની જાણ માટે.

અંક માટેની સંપાદક તરીકે આપની 'મહેનત અને જહેમત' દાદ માંગી લે તેવી છે. 'કલબ' ચલાવનારા પાસે તો ઘણા જતા હોય છે. પણ 'કલમ' ચલાવનારા પાસે તો કોઈ અતુલભાઈ જેવા વિરલા જ જઈ શકે. આપને એ બદલ વંદન સહ અભિનંદન. — **અરવિંદ સોમૈયા-નખત્રાણા**

● દશાબ્દી જ્ઞાતિસેતુનો ઓક્ટોબર-નવેમ્બર અંક ખૂબ જ યુઝફુલ રહ્યો. ઉપયોગમાં આવે તેવી ઘણી જ માહિતી આ અંકમાં ઉમેરવામાં આવી તે બદલ તંત્રીમંડળનો ખૂબ ખૂબ આભાર. ખાસ કરીને અતુલભાઈ સોનીનો ખાદ્યતેલની પસંદગીનો લેખ ખૂબ ઉપયોગી અને જરૂરી લાગ્યો. પ્રથમ વખત આ બધા તેલ વિષે વિસ્તૃત અને સચોટ માહિતી બદલ અતુલભાઈને ફરી અભિનંદન.

બીજો લેખ તમારા સિવાય તમને કોઈ સુખી કરી શકે નહિ લેખ અતિશય ગમ્યો રશ્મીનભાઈ જે. સોનીને મીતા સોલંકીના અભિનંદન. યોગ શિક્ષણ તેમજ હોમિયોપેથીના વિભાગ શરૂ કરીને સેતુની ઉપયોગિતા, અનિવાર્યતામાં ફેરવાઈ ગઈ છે. લત્તાબેન સોલંકીને શબ્દબાગ માટે તેમજ મેરેજ બ્યુરો મેનેજ કરવા બદલ અભિનંદન. મીતા'સ કોર્નરના પ્રતિભાવો ફોનથી કે રૂબરૂ આપવા બદલ સર્વેનો આભાર. ભીમજી નાકરાણીનો વ્યવસાયિક શિક્ષણ ખૂબ ઉપયોગી લાગ્યો.

### બાળ સંસ્કૃતિ

જીવનની દોરી તૂટી ગઈ
અંતરની આશા પૂરી થઈ
બુલબુલ અમારું ખુલ્લુ હતું
ત્યાં સુધી ના અત્યંત લખી ગયું.
નિદ્રા ન આવે વિયોગી લાગે
નાવ ડૂબાવી વહી ગયુ
બુલબુલ અમારું ખુલ્લુ હતું.

- વિદ્યાબેન પી. કુડ્રુભી

# નવ્વાણુમો ઘંટ

**લેખક : મનેશચંદ્ર નાગરદાસ કંસારા**

માધવ કંસારો તાવમાં પટકાયો હતો. તેની જિંદગી વા ખાઈ રહી હતી અને દુકાન હવા ખાઈ રહી હતી. બિચારાને બબ્બે દુઃખ હતાં : એક તો તેનો દીકરો રાઘવ લડીઝગડીને તેનાથી જુદો રહેવા ચાલ્યો ગયો હતો તેથી સારવાર કરે એવું કોઈ જ તેની પાસે નહોતું; બીજું, જો કદાચ તે મરી જાય તો તેની આખી દુકાનનો માલ-સામાન રાઘવ જ ઉપાડી જાય, જે થવા દેવાની માધવની લગારે ઈચ્છા નહોતી. જુગારી, લંપટ અને છકેલ રાઘવે વાતવાતમાં માધવને સાવ ટકાનો કરી નાખ્યો હતો, એટલે માધવના હ્રદયમાં એટલું બધું હળાહળ વ્યાપી ગયું હતું કે જો રાઘવને દુઃખીદુઃખી જોઈને તેને મરવાનું આવે તો તે રાજીરાજી થઈને મરે.

માધવની દુકાન એ જ એનું ઘર હતું અને ઘર એ જ એની દુકાન હતી. પથારી તરીકે ગુણપાટ પાથરી હતી તથા ઓશીકા તરીકે એરણ મૂકી હતી. પડ્યો પડ્યો તે આસપાસ પડેલા હથોડા, ખાચરા, લખંડિયા, કાનસ વગેરે સામે તાકી રહ્યો હતો અને વીતી ગયેલી જિંદગીનું સાચું ખોટું સરવૈયું કાઢી રહ્યો હતો. એટલામાં ગામનો મુખી આવ્યો અને બૂમ પાડી, 'ભાઈ માધવ ! ઓ ભાઈ માધવ !'

'કોણ ?' માધવે ઉધરસ શમાવતાં પૂછ્યું. મુખીને એ ઓળખતાં જ તેણે ઊભા થવાનો પ્રયાસ કર્યો પણ તેમ કરતાં અટકાવી મુખીએ કહ્યું, 'એક ઘંટ બનાવરાવવો છે.'

'શાને માટે ?'

'મંદિર માટે'

'પેલું તળાવડી પાસે નવું બંધાય છે એ ?'

'હા.'

'ત્યારે તો નાની નાની ઘંટડીઓ, આરતીઓ વગેરે પણ જોઈશે.'

'હા, પણ એમાં ઘંટ એકલો જ તારે બનાવવાનો છે.'

'ને બીજી બધી વસ્તુઓ ?'

'રાઘવને કહ્યું છે.'

'એ..મ ?' કહી માધવે ઉધરસ ખાધી, ભઠ્ઠીની રાખમાં થૂંક્યો અને ટૂંટિયું વાળી ચૂપચાપ પડ્યો રહ્યો.

'કેમ એવું બોલ્યો ?' મુખીએ પૂછ્યું.

માધવે જવાબ ન આપ્યો.

મુખી બોલ્યો, 'જો ભાઈ, આપણા ગામડા ગામમાં કંસારાનું ઘર આખું પાખું એક અને તે તારું. હવે તમે બાપ દીકરો છૂટા થયા છો એટલે રાઘવને પણ થોડું કામ આપવું જોઈએ ને ? ઘંટડીને એવું ઝીણું ઝીણું કામ એને આપ્યું છે, પણ ઘંટ તો તારે જ બનાવી આપવો પડશે.'

માધવે તેનો પણ કંઈ જવાબ ન વાળ્યો. મુખી એનું કારણ સમજી ગયો. કહ્યું, 'રાઘવને કામ આપ્યું તે તને ગમ્યું નથી લાગતું.'

'મારું શરીર તો જુઓ છો ને ?' માધવે ભવાં સંકોર્યાં : 'તબિયત સાવ લથડી ગઈ છે. ધમણેય ફૂંકાતી નથી ને હથોડોય ઊંચકાતો નથી. તમે તમારે ઘંટ સુદ્ધાં બધું કામ રાઘવને જ સોંપજો - એ કરી આપશે.'

'આ ઘંટ તો તારી પાસે જ કરાવવો છે, એની પાસે નહિ, કારણકે આવા કામમાં તું જેટલો કાબેલ છે એટલો એ નથી.'

'એકલો ઘંટ જ તો હું નહિ બનાવું.'

'અલ્યા, પણ એ દિકરો તો તારો જ છે ને ? એને થોડું કામ મળે એમાં તું શાથી જીવ બાળે છે ?'

'એ મારો દિકરો ખરો, પણ એ તો દેવતાનો દિકરો કોલસો. અને તમે એને શાથી કામ આપો છો તે હું જાણું છું, સમજ્યાં. એ મારો દિકરો છે, એણે જુદી દુકાન માંડી છે અને એટલે એનેય કામ આપવું જોઈએ એમ વિચારીને કંઈ તમે એને કામ નથી આપ્યું. આ બધું બનાવી આપવાની મજૂરી અને ભાવ સાવ ઓછા હશે અને એટલે જ તમે એની પાસે કામ કરાવો છો તે હું સમજું છું.'

મુખીએ વ્યવહારકુશળ હાસ્ય કર્યું અને કહ્યું, 'જો એમ હોત તો તો ઘંટનું કામ પણ એને જ ન આપત ?'

'એ તો એને બરાબર નથી આવડતું એટલે. ને વળી આવડો ઘંટ બનાવવાનાં સાધનો જ એની પાસે ક્યાં છે કે એ બનાવે ? બનાવવાના સાધનો હોત તો તો આ કામ કરી આપવા પણ તૈયાર થાત. બાપને રખડાવી મારવાની એની ચાલબાજી હું સમજું છું. મારે એવી રીતે કામ નથી કરવું, કાં તો બધું જ કામ મને સોંપો, કાં એની પાસે કરાવી લો. એ અધમની બનાવેલી વસ્તુઓ ને મારી બનાવેલી વસ્તુઓ એકી સાથે એક જ મંદિરમાં રહે એવું મારે નથી કરવું.'

મુખી ગુસ્સે થયો. બોલ્યો, 'પણ તમારા બેની તકરારમાં મને ગેરફાયદો થાય છે તેનું શું ?'

'તમને ગેરફાયદો નહિ થવા દઉં.'

'એના કરતાં ઓછા ભાવે બનાવી આપીશ ?'

'ના — પણ એટલા જ ભાવે બનાવી આપવા તૈયાર છું.'

'તો બધુ કામ તને અપાવું.' કહી મુખી વિદાય થયો.

આ વાતની રાઘવને ત્રીજે દિવસે ખબર પડી. એ ધૂંઆંફૂંઆં થતો આવ્યો ને બૂમબરાડા પાડવા લાગ્યો. રાઘવે ખૂબ ખૂબ સંભળાવ્યું. અતિ તિરસ્કારને લીધે માધવે એક વચન પણ સામે ન કાઢ્યું. છેવટે બોલતા રાઘવે માઝા મૂકી : 'તું ? તું ? તું બાપ નથી - કસાઈ છે. સગા દિકરાને ભૂખે મારી તારે એનું લોહી પીવું છે.'

સાંભળી માધવની ખામોશીની હદ આવી ગઈ. થરથરતા હાથે પાસે પડેલો દસ શેરનો લખંડિયો ઊંચકીને ઊભો થઈ ગયો અને અશક્તિને લીધે લથડિયાં આવવા છતાં રાઘવને મારવા દોડ્યો. એકઠા થઈ ગયેલા લોકોએ મહામહેનતે ઊંચકીને તેને બેસાડી દીધો અને રાઘવને જેમ તેમ ટાઢો કરી દૂર કાઢ્યો. તે પછી એ ચિત્રવિચિત્ર ચેષ્ટાઓ દ્વારા ગુસ્સાની વરાળ માધવે ઠાલવ્યા કરી.

ત્યાર પછીનું આખું અઠવાડિયું માધવ શરીર અને મનથી ગરમ ગરમ રહ્યો. પછી એનો તાવ મોળો પડ્યો. સાથે સાથે અભરાઈની ધૂળની જેમ રાઘવની વાત તેણે મનમાંથી ખંખેરી નાખી કામ શરૂ કરવાનું નક્કી કરી દીધું. એટલામાં મુખીએ આવી તેની ખબરઅંતર પૂછી. પછી બોલ્યો, 'આપણું કામ ક્યારે શરૂ થશે ?'

'એની જ ત્રેવડમાં છું.' માધવે જવાબ આપ્યો.

'અલ્યા ! થોડી આડીઅવળી વાતો કર્યા બાદ અચાનક જ સ્ફુરણા થતાં મુખી બોલી ઊઠ્યો, 'તેં તો અત્યાર સુધીમાં કેટલાય ઘંટ બનાવી કાઢ્યા હશે, નહિ ?'

'હા, કેમ ?'

'એ બધા ય ઘંટના અવાજ મહાદેવ સાંભળતા હશે ?'

'એટલે ?'

'તેં જેટલા ઘંટ બનાવ્યા હસે તે બધા કોઈક ને કોઈક મંદિરમાં અવશ્ય લટકતા હશે, લોકો તે વગાડતા હશે, અને આમ ભગવાન એમનો અવાજ સાંભળતા હશે !'

'તેથી શું ?'

'કેમ શું ?' જ્યાં સુધી એ અવાજ મહાદેવ સાંભળે ત્યાં સુધી તારો અવાજ પણ સાંભળે જ ને ?!'

માધવ હસ્યો : 'મુજ ગરીબની મશ્કરી કરો છો ? જો એમ જ થતું હોય તો તો ક્યારનો ન્યાલ થઈ ગયો હોત ! પણ મારી દશા તો જુઓ છો ને ?' ભઠ્ઠી, કોલસાને હથોડાથી હજી આગળ નથી વધ્યો !'

મુખીએ હસતાં હસતાં પોતાની વાત પકડી રાખી : 'ચાલ, એક વાતનો જવાબ આપ. તેં અત્યાર સુધીમાં કેટલા ઘંટ બનાવી કાઢ્યા છે ?'

'એવું કોને યાદ છે ?'

'યાદ કરવા જેવું છે !'

'શું કરવા એવી માથાકૂટ કરું ?'

'ખબર પડે કે મહાદેવ કેટલી જગ્યાએથી તારો અવાજ સાંભળે છે !'

બંને ખડખડાટ હસવા લાગ્યા. મુખીએ તો માત્ર હસવા ખાતર કહ્યું હતું, છતાં પણ તે વાતચીતે માધવના હૃદયમાં એક તણખો ઝગાવી મૂક્યો. સ્મૃતિશક્તિને ખેંચી ખેંચીને તેજ કરી ત્યારે તેને ખબર પડી કે જીવન દરમિયાન તેણે કેટલા બધા ઘંટ બનાવી કાઢ્યા છે ! પહેલે દિવસે પચાસેક ઘંટ યાદ કરી શક્યો. બીજે દિવસે વળી પંદરેક વધુ. વર્ષો જૂનો કામની યાદીનો ચોપડો ઉઘાડી જોતાં વળી બીજા કેટલાક ઘંટની બનાવટ યાદ આવી. બધા મળીને કુલ અઠ્ઠાણું ઘંટની બનાવટ યાદ કરી શકાઈ. તો તો આ નવ્વાણુમો હતો ! સોમાં એક ઓછો ! શું પોતે લગભગ સો સો ઘંટ બનાવી ચૂક્યો છે ? જાણે જીવનનું રહસ્ય પ્રાપ્ત કર્યું હોય એમ માધવનું હૃદય ગાંડું ગાંડું થઈ ગયું. અંતરમાં નિર્ભેળ રોમાંચ થવા લાગ્યો અને કોઈક અગમ્ય તત્વના બળે તેને પ્રેરણા થઈ : જો પોતે સો ઘંટ પૂરા કરશે તો તેને મોક્ષ મળશે ! તો જીવ્યું સાર્થક થશે ! તો મૃત્યુ ધન્ય બનશે !

જાણે કોઈ ઈશ્વરી કાર્ય હાથમાં ન લીધું હોય એવી શ્રદ્ધાપૂર્વક, સતત શિવ-નામ સ્તવતાં સ્તવતાં તે કામમાં ગૂંથાઈ ગયો. કામના સાતત્ય તથા ભઠ્ઠીનાં તાપને લીધે તેના માથામાંથી પરસેવો નીતરવા લાગ્યો. ખેંચાયેલી ભ્રુકુટિને લીધે કપાળમાં આડી અંકાએલી ત્રણ રેખાઓમાં એ પ્રસ્વેદજળ ભરાયું જાણે મહાદેવનું ત્રિપુંડ ન તાણ્યું હોય !

પાએક કલાક ધમણ ફૂંક્યા પછી રસ તૈયાર થવા લાગ્યો એટલે તેને ભઠ્ઠીમાં જ રહેવા દઈ માધવે બીબાં ગોઠવ્યાં. તેમાં કૂણેલી માટી ભરી તથા 'ડમી ઘંટ' વડે આકાર ઉપસાવી રસ રેડવાની ગોઠવણ કરી લીધી. પછી લાંબી સાણસી વડે ખદખદી ઊઠેલા રસથી છલોછલ મૂસ બહાર કાઢી અને બીબામાં રસ રેડવાની શરૂઆત કરી.

અચાનક તેનો ડાબો પગ લથડ્યો - એ પગની પાનીમાં દુકાનમાં રડ્યાં ખડ્યાં પડેલા કોઈક ખૂણિયાની ધાર પેસી ગઈ. તેના હાથમાંથી સાણસી છૂટી ગઈ. તરત જ દડો ઊછળે એમ મૂસ ઊછળી અને બીબાને અથડાઈ. તેમાંથી ઘગઘગતો, ફૂંફાડા મારતો અને જવાળા કાઢતો રસ તેના પગ પર રેડાયો. એક દારૂણ ચીસ પાડી પગ પર તેણે હાથ દાબી દીધો. દાબતાં

.... નસ ખેંચાઈ ગઈ હોય તેમ ઝાટકાભેર હાથ ઊંચો થઈ ગયો. પણ તે પહેલાં તો હથેળી બળી ગઈ. તીવ્રતમ અને તીક્ષ્ણતમ વેદના અનુભવતાં એણે કૂદકો માર્યો, પણ ત્યાં સુધીમાં તો હાથ પગની ચામડી બળી ગઈ. અંદરનું માંસ શેકાઈ ગયું અને બળેલા માંસની દુર્ગંધ દુકાનમાં પ્રસરી ગઈ. એક ક્ષણ માધવની સર્વ ઈન્દ્રિયો બહેર મારી ગઈ. બીજી જ ક્ષણે હજાર હજાર વીંછીઓએ ડંખ દઈ દીધો હોય એમ એ રાડેરાડ નાખવા લાગ્યો.

લોકો દોડી આવ્યા. શું બન્યું છે તે હજી સમજ્યા ન સમજ્યા ત્યાં તો કોઈકે બુદ્ધિને વેગળે મૂકી દુકાનમાં પડેલી પાણીની ડોલ તેના હાથ પગ પર ઠાલવી દીધી. ઘોરતમ વ્યથાથી તે આક્રંદ કરી ઊઠ્યો ને હાથપગને શરીરથી જુદા કરી નાખવા માગતો હોય એમ વીંઝવા લાગ્યો. ધીમે ધીમે એ વીંઝ ઓછી થઈ અને તે બેભાન થઈ ઢળી પડ્યો.

સંપૂર્ણ રૂઝ આવતાં ત્રણ માસ ઉપરનો સમય થઈ ગયો. ડાબા પગની બધી આંગળીઓ નખ વગરની થઈ ગઈ. ડાબા હાથનો અંગૂઠો બાટલીના બૂચ જેવો બેડોળ બની ગયો. હથેળીમાં ચામડી આવી પણ દઝાએલી, ખેંચાયેલી, કરમાયેલી અને અસ્તવ્યસ્ત. આ સમય દરમિયાન માધવથી કામ થાય એમ તો હતું જ નહિ, એટલે લોકોના ખૂબ ઠપકારવાથી રાઘવે જુદું ઘર ખાલી કરી તેની સાથે જ રહેવા માંડ્યું. સાથોસાથ રહેવા છતાં બંને મોટેભાગે તો પરસ્પર મૂક જ રહેતા.

સંપૂર્ણ રૂઝ આવી તે પહેલાં, અકસ્માત થવાને દોઢેક માસ વીત્યા બાદ પેલું મંદિર તૈયાર થઈ રહેવા આવ્યું એટલે એક દિવસ મુખીએ આવીને પૃચ્છા કરી, 'પેલો ઓર્ડરનું શું કરવું છે ? જો તમારાથી ન જ થાય એમ હોય તો હું શહેરમાંથી લાવવાની વ્યવસ્થા કરું.'

માધવે હાથ-પગ સામે જોઈ નિઃશ્વાસ નાખ્યો. રાઘવે તેની સામે જોયું. પછી અટકીને કહ્યું, 'હું થોડા દિવસમાં જ બનાવી આપીશ.'

મુખીના ગયા બાદ તેણે અભરાઈ પરથી જેવો 'ડમી ઘંટ' નીચે ઉતાર્યો કે તરત માધવ બોલી ઊઠ્યો, 'એ પાછો મૂકી દે !'

'કેમ ?' રાઘવે સાશ્ચર્ય પૂછ્યું.

'ઘંટ તારે નથી બનાવવાનો.'

'ત્યારે ?'

'હજી હાથ-પગનું ઠેકાણું તો પડે...' રાઘવે કહ્યું.

'એટલે ... એટલે... ?' માધવ અધવચ બરાડી ઊઠ્યો. 'શું હું નકામો થઈ ગયો છું ? મારો બાપ કોઈ દહાડો નકામો નહોતો, મારો દાદો કોઈ દહાડો નકામો નહોતો, અને તેં મને નકામો ધાર્યો ?' બોલતાં બોલતાં જબરા ગુસ્સાથી તે ઊભો થવા ગયો. પણ પગમાં વેદના થઈ આવી અને તે ઘસડાઈ પડ્યો. વેદના ઓછી થતાં બબડવા માંડ્યું. હું નકામો નથી થઈ ગયો - હજી લઠ્ઠ જેવો છું. તારે જુદા રહેવા ચાલ્યા જવું હોય તો ચાલ્યો જજે, હું મરી નથી જવાનો ! સો ઘંટ પૂરા કરીશ, પછી મરી જઈશ. મરી જઈશ, પણ પછી મરી જઈશ - સો ઘંટ પૂરા કર્યા પછી, તે પહેલાં નહિં, તે પહેલાં નહિ.'

રાઘવને કશું જ ન સમજાયું. બીતાં બીતાં તે બોલ્યો, 'મેં તમને નકામા ક્યાં કહ્યા છે !'

'ત્યારે શું કહ્યું ? હાથપગનું તો ઠેકાણું તો પડે, એટલે ? એક જરા દાઝવાથી શું હું નકામો થઈ ગયો ? ના, હજી બીજા સો ઘંટ બનાવવાની તાકાત મારામાં છે, સમજ્યો ? આ તો મહાદેવ મારી કસોટી કરે છે, પણ એ કસોટીમાંથી હું પાર પડીશ જ. મહાદેવ! મહાદેવ! બાળવો જ હતો તો મારી છાતી બાળી નાખવી હતી, મારું માથું બાળી નાખવું હતું, મારા હાથપગ કેમ ખેરવી નાખ્યા ?' બોલતાં બોલતાં માધવ કોથળામાં મોં ઘાલી રડવા લાગ્યો. વચ્ચે વચ્ચે ત્રુટક ત્રુટક શબ્દો નીકળતા હતા : 'ના.. ના.. હું નહિ બનાવવા દઉં... હું જ બનાવીશ.'

રાઘવ હતપ્રભ, હતબુદ્ધિ શો ચૂપચાપ બેસી રહ્યો. ઘણો વખત વીત્યા બાદ પૂછ્યું, 'ભલે એમ; પણ બનાવશો ક્યારે ?'

'આ મટી જશે ત્યારે.'

'પણ તે પહેલાં તો મંદિરમાં ઘંટની જરૂર પડશે. મંદિરવાળા તમારા મટી જવાની રાહ જોવાના છે ?'

આ સાંભળી માધવે એવી દીન અને અસહાય નજરે ચોપાસ જોયું કે રાઘવ છળી પડ્યો. તેને ક્ષણભર લાગી ગયું કે માધવમાં કોઈક વિચિત્રતાએ પ્રવેશ કર્યો છે. તેને માધવ પર જરા ચીડ ચડી, પણ તે દાબી કહ્યું, 'તમને વાંધો શો છે ?' અત્યારે આપણને પૈસાની જરૂર છે ને એવે વખતે આવો સોદો જવા દેવો એ સારું કહેવાય ?'

માધવ અનુત્તર રહ્યો. તેની આંખોનો ભાવ લગભગ શૂન્ય બની ગયો. ત્યાર પછી રાઘવે કામ શરૂ કર્યું છતાં તેણે મૌન ન તોડ્યું. રાઘવે આઠ-દસ દિવસમાં બધી વસ્તુઓ તૈયાર કરી નાખી અને મુખી તે લઈ પણ ગયો. આ બધા સમય દરમિયાન માધવના દિલે પછાડો પર પછાડો ખાધી, અમળાટ પર અમળાટ અનુભવ્યો.

મંદિરની પ્રતિષ્ઠા થઈ ત્યારે ગામ જાણે હેલે ચડ્યું. ગામ

સાવ નાનું હોવાથી મંત્રોચ્ચારના ધ્વનિ સાથે ઘંટના રણકાર પણ ખૂણે ખૂણે સંભળાતા હતા. ઘંટના અવાજ સાંભળી માધવનો આત્મા વળ ખાઈ ગયો. પ્રતિષ્ઠાના ઉત્સવ દરમિયાન તેને પોતાની આખી જિંદગી કષ્ટપૂર્ણ, નિરાશાપૂર્ણ ભાસી.

રૂઝ આવી અને તે હરતો ફરતો થયો. ચલાય એવું થયું એટલે ધીમે ધીમે કરતાં તે પેલા મંદિરમાં ગયો અને ઘંટ સામે તાકી રહ્યો. ત્યાર પછી થોડા દિવસો માટે તેનો આ જ કાર્યક્રમ બની રહ્યો : મંદિરમાં જવું, ઘંટ સામે જોઈ રહેવું, ઘંટ વગાડવો નહિ, મૂર્તિને નમન કરવું અને પાછા ચાલ્યા આવવું. ધીમે ધીમે એ પણ ઓછું કરી નાખ્યું અને દુકાનની બહાર પણ નીકળવાનું બંધ કર્યું. કાં તો સૂમસામ બેસી રહેતો, કાં તો સૂમસામ સૂઈ રહેતો.

માધવ એકલો પડી ગયો. ધીમે ધીમે તેનું શરીર ગળતું ગયું. તેનું દિલ પણ ઉદાસ બની ગયું. જાણે મહાદેવે તેની સમગ્ર સમૃદ્ધિ અને સિદ્ધિ લૂંટી લીધી ન હોય ? અગમ્ય અદમ્ય નિરાશાથી તેનું હૃદય ફાટું ફાટું થવા લાગ્યું. એ ઘોર નિરાશામાંથી અચાનક એક પ્રખર, પ્રચંડ અને આખરનો હોય એવો નિરાધાર જાગ્યો : હું ઘંટ બનાવીશ, બનાવીશ અને બનાવીશ જ.

લથડતી કાયાએ, લથડતી શક્તિએ અને લથડતા જીવે ઓઠ પીસી તેણે કામ શરૂ કર્યું. ધીમે ધીમે, તૂટતા દમને વારંવાર સાંધી, હાંફતી છાતીને વારંવાર આરામ આપી, અદીઠ શ્રદ્ધાના બળે તેણે છેવટે ઘંટ બનાવ્યો પણ ખરો, ઘસ્યો પણ ખરો, પોલીશ પણ કર્યો અને ઉપર કોતરણી પણ કરી, પછી જાણે સર્વ ચેતના હણાઈ ગઈ હોય એમ ઢળી પડ્યો - કામ શરૂ કર્યાને દસમે દિવસે. હજી તો આ નવ્વાણુમો ઘંટ હતો. સોમો તો બાકી જ હતો.

અત્યાર સુધી તો થોડું થોડું અનાજ લાવી તેણે જેમ તેમ નિભાવ્યે રાખ્યું પણ હવે એ સાવ ખતમ થઈ ગયું. પાગલ અને ભ્રમિત અવસ્થામાં તે અડધો દિવસ પડ્યો રહ્યો, પછી રાઘવને બોલાવ્યો. પ્રથમ તો રાઘવે આનાકાની કરી, પરંતુ જ્યારે જાણ્યું કે તેનો બાપ લાંબો થઈને સૂતો છે ને લાંબા પડી રહેવાની જ સ્થિતિ આવી ગઈ છે ત્યારે આવ્યો. તેને તો એમ જ હતું કે જેવો તે જશે કે માધવ ગાળો ભાંડશે ને વળી પાછી તકરાર કરશે. પણ એને બદલે બીજું જ બન્યું. પ્રથમ તો માધવ તેની સામે અનિમેષ તાકી રહ્યો. પછી બેળેબેળે બબડ્યો : 'જો, આ મારો નવ્વાણુમો ઘંટ' તેની બોલવાની ઢબથી રાઘવ બેહદ મૂંઝવણમાં પડ્યો.

'એને પેલા કડામાં લટકાવ.'

રાઘવ વિમૂઢની જેમ, મૂર્ખની જેમ, કંઈ પણ સમજ્યા વગર, સચિંત તાકતો બેસી રહ્યો. આ જોઈ માધવના મુખ પર અમાનુષી દીનતા પ્રસરી ગઈ. મરણિયા ઈશારતો દ્વારા તેણે પોતાની ઈચ્છા ફરી પ્રદર્શિત કરી. આ વખતે રાઘવે યંત્રવત્ ઘંટ લટકાવી દીધો.

માધવે ફરી ઈશારત કરી : 'વગાડ !'

રાઘવથી એની પણ ના ન પડાઈ.

માધવે વળી ઈશારતથી તેને પાસે બોલાવ્યો અને તેના કાન છેક પાસે લાવી પોતાના હોઠ ફફડાવ્યા, 'જો ! જો ! આ મારું મંદિર છે.'

રાઘવે જોયું : માધવની ઘૂમરઘૂમર ફરતી આંખોમાં ચોખ્ખો ઉન્માદ વર્તાતો હતો. એ આંખોમાં જાણે અતિશય ભાર વધી ગયો હોય એમ માધવે તેને બંધ કરી. રાઘવ ઊંડી ગભરામણ અનુભવતો બેસી રહ્યો. અડધો એક કલાક થયો હશે એટલામાં તેણે પેલા મુખીને ત્યાંથી જતા જોયો. તેણે એને બોલાવ્યો અને માધવની હાલત અંગે બધી વાત ધીમે અવાજે કહી. પછી ઉમેર્યું, 'મને લાગે છે કે તેમનું મગજ ખસી ગયું છે. નવ્વાણુમો ઘંટ ને સોમો ઘંટ ને એવું બધુ લવ્યા કરે છે.'

મુખીને તરત તો કંઈ ખ્યાલ ન આવ્યો, પણ પછી માધવની મનની સ્થિતિ પામી ગયો. તરત તેના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યો : 'અરે !'

'કેમ ?' રાઘવે પૂછ્યું.

મુખીએ માધવ સાથે થયેલી વાત રાઘવને કહી અને જણાવ્યું, 'મેં તો હસતાં હસતાં જ કહેલું, પણ આ તો સાચું માની બેઠો છે'

હવે રાઘવને માધવનું મન કંઈક સમજાવા લાગ્યું. તેણે કહ્યું, 'પણ તેમણે તમારી વાત સાવ સાચી કેવી રીતે માની લીધી એ નથી સમજાતું. બધા જ ઘંટ મંદિરમાં લટક્યા હોય એવું ઓછું જ બને ? કોઈ નિશાળમાં લટકતો હોય, કોઈ કચેરીમાં લટકતો હોય એમ પણ બને ?'


મુખી કંઈક જવાબ વાળવા ગયો પણ ત્યાં તો અચાનક માધવે આંખ ખોલી, ઊભડક થઈ ગયો અને પેલા ઘંટ તરફ હાથ લાંબા-ટૂંકા કરી કોણ જાણે કઈ શક્તિના ઓથારે ગર્જી ઊઠ્યો, 'હું મારું દેવું પૂરું કરીશ. ઓ મહાદેવ ! આવતો જન્મ મને ફરીથી કંસારાનો જ —'

બસ ત્યાં તેણે ડચકું ખાધું અને પછાડ ખાધી. તેનો સોમો ઘંટ મૃત્યુઘંટ વાગી ચૂક્યો.

**— પ્રસ્તુતિ : તુલસી કંસારા-અમદાવાદ**

# યોગ શિક્ષણ

દિલીપ ધોળકિયા




Know Yoga Know Peace
No Yoga No Peace
Now Yoga Now Peace
યોગાચાર્ય અને બેલેન્સ થેરાપીસ્ટ
દિલીપ ધોળકિયા (મો) ૯૮૯૮૨૮૭૬૨૭
www.yogacharyadilip.com

અથ યોગાનુશાસનમ ॥ (સમાધિપાદ-૧)

હવે યોગવિદ્યા વિશે આરંભ કરીએ ભગવાન પતંજલિએ (૧૯૬) યોગસૂત્રોમાં આખું યોગવિજ્ઞાન માનવજાતના કલ્યાણ માટે આપેલું છે.

જરૂર છે ફક્ત તેને સારી રીતે સમજવાની અને જીવનમાં અનુભવવાની.

**ચાર અધ્યાય :**

સમાધિપાદ-૫૧ સૂત્રો,

સાધનપાદ-૫૫ સૂત્રો,

વિભૂતિપાદ-૫૬ સૂત્રો,

કૈવલ્યપાદ-૩૪ સૂત્રો,

કુલ ટોટલ-૧૯૬ સૂત્રો.

ભગવાન પતંજલિ ત્રણ વિદ્યાના આચાર્ય હોવા છતાં તેમની સૌથી વધુ મહત્તા યોગાચાર્ય તરીકે યોગસૂત્રોના રચયિતા તરીકે છે.

પતંજલિના યોગસૂત્ર પર ચર્ચા કરતા પહેલા એક વાત ખાસ સમજવી પડશે કે યોગ કોઈ ધર્મ નથી. ખાસ ધ્યાનમાં રહે કે યોગ કોઈ વિશેષ સંપ્રદાય કે ધર્મ સાથે જેમ કે હિંદુ, બૌધ્ધ, જૈન, ઈસાઈ, મુસ્લિમ કે પારસી સંપ્રદાય સાથે જોડાયેલો નથી. યોગ એક શુદ્ધ વિજ્ઞાન છે. ગણિત, ફિઝીક્સ કે કેમેસ્ટ્રીની જેમ ફિઝીક્સ કે ગણિત કોઈ સંપ્રદાય - ધર્મ સાથે જોડાયેલા નથી. એ સંયોગપૂર્ણ ઘટના છે કે યોગની ખોજ હિંદુઓએ કરી પણ તેનાથી એવું સાબિત ન થાય કે તે હિંદુઓ માટે જ છે. યોગ એક શુદ્ધ વિજ્ઞાન છે. પારસી પણ યોગી થઈ શકે, મુસ્લિમ અને જૈન પણ યોગી થઈ શકે. જ્યારે યોગના વિજ્ઞાનની વાત કરીએ ત્યારે પતંજલિનું આ ક્ષેત્રમાં સૌથી મોટું નામ છે. પતંજલિ સાથે કોઈની પણ તુલના ન થઈ શકે. ધર્મને પહેલી વાર વિજ્ઞાન સુધી લઈ ગયા હોય તો તે માત્ર પતંજલિ જ છે.

દરેક ધર્મમાં વિશ્વાસની વાત આવશે. બધા જ ધર્મને પોતપોતાના વિશ્વાસો છે. યોગ જ એક એવું વિજ્ઞાન છે જે તમને યોગ પર વિશ્વાસ કરવાનું નથી. યોગ કહે છે અનુભવ કરો. જેમ વિજ્ઞાન કહે છે પ્રયોગ કરો તેમ યોગ કહે છે અનુભવ કરો. પ્રયોગ અને અનુભવ બંને એક જ વાત છે. બંનેની દિશા અલગ છે. પ્રયોગનો અર્થ છે બહાર કંઈક કરવું અને અનુભવ એક આંતરિક પ્રયોગ છે.

વિજ્ઞાન કહે છે વિશ્વાસ ન કરો દરેક વાત પર શંકા કરો, પણ સાથે સાથે એ પણ ધ્યાન રહે કે અવિશ્વાસ પણ ન કરો. કારણકે અવિશ્વાસ પણ એક રીતનો વિશ્વાસ જ છે. આસ્તિક અને નાસ્તિક બંને વિશ્વાસી જ છે. વિશ્વાસ વિજ્ઞાનની દિશા નથી વિજ્ઞાન કહે છે કે પ્રયોગ કરો, યોગ કહે છે અનુભવ કરો.

યોગ અસ્તિત્વ છે, અનુભવજન્ય છે અને પ્રાયોગિક છે. તેમાં કોઈ વિશ્વાસની આવશ્યકતા નથી ફક્ત પ્રયોગ કરવાનું સાહસ જોઈએ. પણ અત્યારના સમયમાં આની જ મોટી ખોટ છે. વિશ્વાસ સરળ છે, સહેલો છે કારણ તમારે કંઈ જ કરવું પડતું નથી. યોગ વિશ્વાસ નથી અને એટલા માટે જ તે અઘરો છે. ખૂબ અઘરો છે ઘણી વાર તો એવું લાગે કે અસંભવ ક્રમ છે. યોગ પોતાની જાત પર કરવાનો પ્રયોગ છે. તમે કોઈ વિશ્વાસ દ્વારા સત્ય સુધી નહિ પહોંચી શકો. અનુભવ દ્વારા, પોતાની જાત પરના પ્રયોગ દ્વારા જરૂર પહોંચી શકશો, અનુભવ કરવા માટે, પ્રયોગ કરવા માટે તમારે જડમૂળથી બદલાવું પડશે, રૂપાંતરિત થવું પડશે. તમારો દૃષ્ટિકોણ, તમારી જીવનશૈલી, તમારું મન, તમારું ચિત્ત તમારે નષ્ટ કરી દેવું પડશે એન નવું સર્જન કરવું પડશે ત્યારે જ તે નવા સર્જનની સાથે તમે યોગને યથાર્થ રૂપમાં સમજી શકશો.

યોગ મૃત્યુ પણ છે અને નવજીવન પણ છે. હાલ તમે જે છો તેને તો મરવું જ પડશે. જૂનું મરશે તો જ નવું સર્જન થશે. કારણ નવું તો તમારામાં જ છે ! તમારામાં જ છૂપાયેલું છે. તમે ફક્ત બીજ છો અને બીજને તો પૃથ્વીમાં ધરબાવું જ પડે. બીજને તો નષ્ટ થવું પડે અને ત્યારે જ બીજમાંથી નવું સર્જન શક્ય બને. યોગ કોઈ એવી વસ્તુ નથી કે જેના વિશે તમે વિચાર કરો. અને ફક્ત વિચારવાથી કંઈ પણ નહિ થાય. વિચારો તો તમારા મગજમાં ચાલતા જ રહે છે. વિચારો કાંઈ તમારા અસ્તિત્વના મૂળમાં નથી હોતા, વિચારો તમારી સમગ્રતા નથી. વિચાર તો માત્ર એક ભાગ છે, કામચલાઉ ભાગ, વિચારને પ્રશિક્ષિત કરી શકાય છે તમે તર્ક પૂર્ણ વિચાર કરી શકો છો. યુક્તિપૂર્વક વિચારી શકો છો. પણ તમારું હૃદય તો એવું ને એવું જ હશે. તમારું હૃદય સૌથી ઊંડાણવાળું કેન્દ્ર છે. મસ્તિષ્ક તો તેની શાખા છે. તમે મસ્તિષ્ક વગર તો જીવી શકો પણ હૃદય વગર નહિ. તમારું મન આધારભૂત તત્વ નથી એટલે પતંજલિ સાથે તમે ફક્ત ચિંતન મનન ન કરો.

જેમ ગણિતનો નિયમ છે બે અને બે ચાર જ થાય.

પાણીને ૧૦૦ ડિગ્રી ઉપર ગરમ કરો તો પાણીની વરાળ જ થાય. તેમાં કોઈ વિશ્વાસ કરવાની જરૂર નથી. બસ તેમ જ પતંજલિના નિયમોને, સૂત્રોને અનુસરો. એને જાણો. જેને તમે ફક્ત અનુભવ કરીને જ જાણી શકો, વિચાર કરીને નહિ જાણી શકો.

પતંજલિ બેજોડ છે. પતંજલિ જેવો કોઈ થયો નથી અને કદાચ થશે પણ નહિ. પતંજલિ કાવ્યની ભાષામાં, સૌંદર્યની ભાષામાં વાત નથી કરતા. તે તો ગણિતની ભાષામાં જ વાતો કરે છે, વિજ્ઞાનની ભાષામાં જ વાત કરે છે. યોગસૂત્રોનો આધારે લઈને ચાલો તો જરૂર તમે શિખર સુધી પહોંચી જશો.

પતંજલિ કોઈ ચિંતક નથી પતંજલિ કોઈ કાલ્પનિક જગતના દાર્શનિક નથી પતંજલિ એકદમ વ્યાવહારિક છે, વૈજ્ઞાનિક છે. પતંજલિ સત્યની બાબતમાં વિચારતા નથી તે તો બસ તૈયારી કરાવે છે કે સત્યને, યોગને કેવી રીતે ગ્રહણ કરવો. યોગના ગ્રાહક કેવી રીતે થવું તે શીખવે છે.

સત્યની બાબતમાં, યોગની બાબતમાં, વિચારવું-વાંચવું ઠીક છે મહત્વનું નહિ. ખરેખર તો સત્યમય, યોગમય જીવન જીવી શકાય જેટલું સત્ય વિશે, યોગ વિશે, વિચારશો તેટલા જ તમે તેનાથી દૂર થતા જશો. સત્ય બાબત વિચારવું તે ભટકવા જેવું છે. સત્ય વિશે વિચારવું એવી બાબત છે. જેમ આકાશમાં વાદળા આમ તેમ ભટકે છે જેવા તમે.

**યોગાસનો (આસનો)**

**પીઠ પર કરવાના આસનો :** પીઠ પર કરવાના દરેક આસનમાં 'સ્થિતિમાં આવવું' એટલે. બંને પગ નજીક અને બંને હાથ શરીરની નજીક. હથેળી જમીન ઉપર. દરેક આસનમાં શરૂઆતમાં પંદરથી વીસ સેકન્ડ રોકાવું અભ્યાસ વધતા ત્રીસથી સાઈઠ સેકન્ડ રોકાવું. પાછા આવીને રીલેક્ષ થવું ખૂબ જરૂરી છે. ઊંડા શ્વાસના બે-ત્રણ રાઉન્ડ કરવાથી થાક દૂર થશે અને પછીથી જ બીજુ આસન કરવું. જેઓને બંને પગથી આસન કરવું અઘરું લાગતું હોય તેઓ શરૂઆતમાં એક-એક પગેથી પણ કરી શકે છે.

**૧. ઉત્તાનપાદાસન :** સ્થિતિમાં આવી બંને પગ એક સાથે ૪૫° સુધી ધીરે ધીરે લઈ જવા. ત્રીસથી સાઈઠ સેકન્ડ રોકાવું અને ધીરે ધીરે પગને પાછા લાવવા. પાછા આવીને તુરત રીલેક્ષ થવું.

**લાભ :** પેટના સ્નાયુઓ મજબૂત થાય છે, પેટના અંગોને મસાજ થાય છે, જઠરાગ્નિ તેજ થાય છે. પેટ, કમર, નિતંબની ચરબી દૂર થાય છે. સ્ત્રીઓની માસિક સંબંધી તકલીફોમાં ફાયદો થાય છે.



**સાવધાની :** પેટમાં અલ્સર, લમ્બર સ્પોન્ડીલાઈટીસની તકલીફ હોય તેઓ ખૂબ સાવધાનીથી કરે.

શરૂઆતમાં પહેલા દિવસે એકવાર કરવું પછીથી દર ત્રીજા દિવસે એક એક વાર વધારતા જઈ આ આસન દસ વાર કરવાથી ઉપરના લાભ જે લખેલા છે તે ખૂબ જલ્દીથી અને વધારે પ્રમાણમાં થાય.

**૨. અર્ધ હલાસન :** સ્થિતિમાં આવી બંને પગ એક સાથે ધીરે ધીરે ૯૦ સુધી લઈ જવા. ત્રીસથી સાઈઠ સેકન્ડ રોકાવું. ધીરે ધીરે પાછા આવવું. પાછા આવતી વખતે પગને પાડવા નહિ. ગોઠણમાંથી વાળવા નહિ. રીલેક્ષ...

**લાભ :** ઉત્તાનપાદાસનથી થતા બધા લાભો ઉપરાંત પિચોટી (નાભી) ખસી જતી હોય તેના માટે ખૂબ જ ઉત્તમ આસન છે. ત્રણથી પાંચ વાર આ આસન કરવાથી નાભિ તેના સ્થાને આવી જાય છે.




રાજેન્દ્ર કાંતિલાલ સોની
મો. 98250 18318
ધવલ રાજેન્દ્ર સોની
મો. 94260 77571
બુધ
શુક્ર
ચંદ્ર
ગુરૂ
સૂર્ય
મંગળ
કેતુ
શનિ
રાહુ
ગ્રહોના નંગ
ગ્રહોના નંગની વીંટી
તથા સોના ચાંદીના દાગીના
ઓર્ડર મુજબ બનાવી આપવામાં આવશે
ધવલ
જ્વેલર્સ
14, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-380 001
ફોન : 079-2214 4008

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.




A Leading Tour & Travel Management Company of India

Domestic & International Tour Packages

Domestic & International Air Tickets,
Hotel Booking & Car Rental Service

Service Provider for Corporate Groups, Trade Fairs & Events

Consultancy Services For Passport, Visa & Immigration



S.K. TOURISM
Kansara Bazaar Ring Road, Bhuj - Kutch. (Gujarat) India
Ph: +91 2832 - 654495 • 251424
Mo: +91 98258 31085 • 96622 51424
E: sktourism@in.com • ask@sktourism.info
W: www.sktourism.info • www.explorethekutch.com

Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00